# કરબલાને જીવંત રાખનાર

## - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

... Kitab Downloaded from ...

www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

www.facebook.com/HajiNajiTrust

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# કરબલાને જીવંત રાખનાર

## અનુક્રમણીકા


| ક્રમ | વિષય | પા.નં |
|---|---|---|
| | **પરિચય** | |
| ૦૧. | હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)નો પરિચય | ૦૯ |
| ૦૨. | હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની ખાનદાની શરાફત | ૧૫ |
| ૦૩. | જનાબે શહેરબાનુનું આગમન | ૧૭ |
| ૦૪. | આપ (અ.સ.)ના શરીરનો બાંધો | ૧૯ |
| ૦૫. | આપ (અ.સ.)ની ઔલાદ | ૨૦ |
| | **બાળપણ** | |
| ૦૬. | ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ના બાળપણનો એક બનાવ | ૨૧ |

| | | |
|---|---|---|
| ૦૭. | ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)નું બચપન અને હજ્જે બયતુલ્લાહ | ૨૩ |
| | **અખ્લાક** | |
| ૦૮. | ઈમામ હઝરત ઝયનુલ આબેદીન (અ.સ.)ના અખ્લાક | ૨૯ |
| ૦૯. | હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની ઉદારતા | ૩૪ |
| | **ઈબાદત** | |
| ૧૦. | વઝુ વખતે આપ (અ.સ.)ની હાલત | ૩૭ |
| ૧૧. | નમાઝમાં આપ (અ.સ.)ની હાલત | ૩૮ |
| ૧૨. | ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની દરરોજ રાત – દિવસની એક હજાર રકઅત નમાઝ | ૪૨ |
| | **ઈમામતના મનસબ ઉપર ફાએઝ** | |

| | | |
|---|---|---|
| | **થયા પહેલા અને પછી** | |
| ૧૩. | ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ઈમામતના મનસબ ઉપર ફાએઝ થવા પહેલાં | ૪૩ |
| ૧૪. | કરબલાના સિલસિલામાં ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની શાનદાર કામગીરી | ૪૬ |
| ૧૫. | કુફાની બજારમાં આપ (અ.સ.)નો ખુત્બો | ૫૦ |
| ૧૬. | શામમાં આપ (અ.સ.)નો ખુત્બો | ૫૭ |
| ૧૭. | હર્રાનો બનાવ અને ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) | ૬૨ |
| | **મોઅજિઝા અને ફઝીલત** | |
| ૧૮. | ઈમામતની સાબિતી માટે ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)એ પથ્થર પર મહોર ફરમાવી | ૬૯ |
| ૧૯. | ઈમામ ઝયનુલ આબેદીન | ૭૧ |

| | | |
|---|---|---|
| | (અ.સ.)ની ફઝીલત અબુ લયલાની જબાની | |
| ૨૦. | ઈમામ હઝરત ઝયનુલ આબેદીન (અ.સ.)નું કૈદખાનામાંથી ગાયબ થવું | ૭૩ |
| ૨૧. | કાઅબાએ મોહતરમનો પાયો અને હજરે અસ્વદની સ્થાપના | ૭૭ |
| ૨૨. | ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) અને એક બલ્ખનો રહેવાસી | ૮૨ |
| ૨૩. | ફરઝદક શાએરનો ઈમામ (અ.સ.)ની શાનમાં કસીદો | ૮૭ |
| ૨૪. | ઈમામ હઝરત ઝયનુલ આબેદીન (અ.સ.)એ મોતીઓ અલ્લાહતઆલાની રાહમાં આપી દીધા | ૯૩ |
| | **શહાદત** | |
| ૨૫. | ઈમામ ઝયનુલ આબેદીન | ૯૬ |

| | | |
|---|---|---|
| | (અ.સ.)ની શહાદત | |
| | **આપ (અ.સ.)ની યાદગાર** | |
| ૨૬. | રિસાલએ હુકૂક | ૯૮ |
| ૨૭. | હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની દુઆની કિતાબ સહીફએ કામેલા | ૧૧૬ |
| ૨૮. | એક સુન્ની આલિમનો પત્ર | ૧૧૭ |
| ૨૯. | સહીફએ કામેલાની અમુક દુઆઓ | ૧૧૯ |
| ૩૦. | સહીફએ કામેલાની દુઆઓના અમુક વાક્યો | ૧૨૨ |
| ૩૧. | હાજત પૂરી થવા માટેની દુઆ | ૧૨૮ |
| ૩૨. | ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની જીવનમાં ઉતારવા જેવી ચાલીસ હદીસો | ૧૩૦ |

| હઝરત ઈમામ ઝયનુલ આબેદિન (અ.સ.) | |
|---|---|
| નામ | હઝરત અલી (અ.સ.) |
| પિતા | હઝરત ઈમામ હુસૈન (અ.સ.) |
| માતા | જ. શહેરબાનુ બિન્તે યઝદે જર્દે |
| દાદા | હ. અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) |
| દાદી | જ. ફાતેમા (ઝહરા સ. અ.) |
| લકબ | ઝયનુલ આબેદીન, સય્યદુસ્સાજેદીન, સજ્જાદ, સય્યદુસ્સાલેહીન, અબુલ અઈમ્મા, ઈબ્નુલ ખયરતૈન વિગેરે.. |
| કુન્નિયત | અબુ મોહમ્મદ અને અબુલ હસન. |
| જન્મ | ગુરૂવાર તા. 15 માહે જમાદિલ અવ્વલ હિ.સ. 38 |
| જન્મ સ્થળ | મદીનએ મુનવ્વરા |
| શહાદત | શનિવાર તા. 25 માહે મોહર્રમ, હિ.સ. 95 |
| દફન સ્થળ | મદીનએ મુનવ્વરા (જન્નતુલ બકીઅના કબ્રસ્તાનમાં) |
| વય | 57 વર્ષ |
| ઓલાદ | (દીકરા) ઈમામે મોહંમદ બાકિર (અ.સ.), અબ્દુલ્લાહ બાહેર, હસન, હુસૈને અકબર, ઝૈદે શહીદ, ઉમરૂલ અશરફ, હુસૈને અસગર, અબ્દુર રહમાન, મોહંમદે અસગર, સુલેમાન, અલી. (દીકરી) ખદીજા, ફાતેમા, ઉલીયા, ઉમ્મે કુલસૂમ. |

# પરિચય

## હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)નો પરિચય

હઝરત ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.)ના વાલિદે માજીદ હઝરત ઈમામે હુસૈન (અ.સ.) અને વાલેદાએ માજેદા જનાબે શહેરબાનુ હતા. આપ (અ.સ.)ના બુઝુર્ગોની જેમજ ઈમામે મન્સૂસ, માઅસૂમ, આઅલમે ઝમાના, ઈલ્મ, ઝોહદ અને ઈબાદતમાં આપ હઝરત ઈમામે હુસૈન (અ.સ.)ની જીવતી જાગતી તસ્વીર હતા. ઈબ્ને મુસય્યબનું કહેવું છે કે અમે આપથી વધારે અફઝલ અને વધારે ઈબાદત ગુઝાર તથા ફિકહના જાણકાર માણસ જોયા નથી. એક માણસે કોઈ સાહેબની વાત કરતાં કરતાં કહ્યું કે એ ઘણા પરહેઝગાર હતા. ઈબ્ને

મુસય્યબે પૂછયું તમે ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.)ને જોયા છે ? એણે કહ્યું "નહી, એમણે જવાબ આપ્યો કે તેમનાથી વધારે મુત્તકી અને પરહેઝગાર કોઈને જોયા નથી. અલ્લામા દમયરી ફરમાવે છે કે ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.) હદીસ નકલ કરવામાં ઘણાં વિશ્વાસપાત્ર હતા. આપ (અ.સ.) ઘણા મોટા ફકીહ હતા. આપ (અ.સ.) એવા જમાલ અને જલાલથી ભરપૂર હતા, તેજસ્વી અને કિર્તીમાન હતા કે દરેક આપ (અ.સ.)ને જોઈને તાઅઝીમ કરવા પર મજબૂર થઈ જતું.

આપની વિલાદત ૧૫મી જમાદીઉલઅવ્વલ હિ.સ. ૩૮ના જુમેરાતના દિવસે અને એક કોલ મુજબ ૧૫ મી જમાદીલ આખર હિ.સ. ૩૮ના જુમ્આના દિવસે મદીનાએ મુનવ્વરામાં થઈ.

અલ્લામા મજલીસી લખે છે કે જનાબે શહેરબાનુ જયારે ઈરાનથી મદીના રવાના થઈ રહ્યાં હતાં ત્યારે હઝરત પયગંબર (સ.અ.વ.)એ સ્વપ્નાની હાલતમાં એમનો અકદ ઈમામે હુસૈન (અ.સ.) સાથે કરી આપ્યો હતો અને જયારે તેઓ મદીના આવ્યા ત્યારે એમને હઝરત અલી (અ.સ.)એ, જનાબે ઈમામે હુસૈન (અ.સ.)ને હવાલે કરીને ફરમાવ્યું : આ એ ઈસ્મત પરવર બીબી છે જેમની કુખેથી તમારા જાનશીનની વિલાદત થશે. પણ અફસોસ કે આપ આપની માતાના હાથે પરવરિશ પામવાનો લુત્ફ પામી ન શક્યા. કારણ કે જનાબે શહેરબાનુ આપ (અ.સ.)ની વિલાદત બાદ વફાત પામી ગયાં. જનાબે શહેરબાનુ ઉચ્ચ કૂળના અને ઉત્તમ નારીઓમાંથી હતા. શેખ

મુફીદ લખે છે કે જનાબે શહરબાનુ ઈરાનના બાદશાહ યઝદે જર્દ "કિસ્રા"ના દુખ્તર હતાં.

ઈમામ (અ.સ.)નો ઈસ્મે ગિરામી અલી અને કુન્નિયત અબુ મોહમ્મદ અને અબુલ હસન હતી. આપના અલ્કાબ બેશુમાર હતા, જેમાંથી ઝયનુલ આબેદીન, સય્યેદુસ્સાજેદીન, સજ્જાદ અને આબીદ વધારે જાણીતા છે.

એહલે સુન્નતના મહાન આલિમ માલિકનું કહેવું છે કે આપ (અ.સ.) બહુ જ ઈબાદત કરતા હતા તેથી આપ (અ.સ.)ને ઝયનુલ આબેદીન કહેવામાં આવે છે. બંને ફિરકાના આલિમો નકલ કરે છે કે એક રાતના ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.) તહજ્જુદની નમાઝમાં મશગૂલ હતા ત્યારે શયતાન મલઉને ઈબાદતમાં ખલેલ પહોંચાડવાના ઈરાદાથી

અજગરના રૂપમાં આવીને આપના પગના અંગૂઠાને મોઢામાં લઈને કરડવા લાગ્યો. ઈમામ (અ.સ.)નું ચિત્ત અલ્લાહતઆલાની ઈબાદતમાં એટલું પરોવાએલું હતું કે તેમના પર એના કરડવાની મુદ્દલ અસર ન થઈ. આપ (અ.સ.) એ જ હાલતમાં નમાઝમાં મશગૂલ રહ્યા. અંતે શયતાન હારી ગયો. એટલામાં આપ (અ.સ.)એ પણ નમાઝ પૂરી કરી લીધી પછી તે મલઉનને ત્યાંથી હાંકી કાઢ્યો. એ વખતે ગયબથી અવાજ આપનારે ત્રણ વખત કહ્યુ. "અન્ત ઝયનુલ આબેદીન" એટલે કે બેશક આપ ઈબાદત કરનારાઓની શોભા અને શણગાર છો. તે દિવસથી આપ (અ.સ.)નો એ લકબ થઈ ગયો.

હઝરત ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.)ને સજ્જાદ એટલા માટે કહેવામાં આવે

છે કે આપ (અ.સ.) દરેક નેકીના પ્રસંગે સિજદો કરતા હતા. આપ (અ.સ.)ને અલ્લાહતઆલાની કોઈ નેઅમત પ્રાપ્ત થતી ત્યારે સિજદો કરતા, અલ્લાહતઆલાના કલામની આયતો તિલાવત ફરમાવતા ત્યારે સિજદો કરતા. બે માણસો વચ્ચે સુલેહ કરાવી દેતા ત્યારે સિજદો કરતા. તેનું પરિણામ એ આવ્યું કે ઊંટને જેવા ઢીમણા પડી જાય છે તેવા આપ (અ.સ.)ને ઢીંમણા પડી જતા હતા અને પછી તેને કપાવવા પડતા હતા. એટલા માટે આપનો એક લકબ ઝવિસ્સફનાન પણ હતો એટલે કે ઢીંમણાવાળા.

★★★

# હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની ખાનદાનની શરાફત

ખાનદાની શરાફત જોવામાં આવે તો ઈમામના વાલિદે માજીદ હઝરત ઈમામ હુસૈન (અ.સ.), દાદા હઝરત અલી (અ.સ.), દાદી હઝરત ફાતેમા ઝહેરા (સલા.) અને આપની વાલેદા જનાબે શહેરબાનુ બિન્તે યઝદે જર્દ હતા.

ઈમામ હુસૈન (અ.સ.)ની બીબીઓમાંથી ઈમામ (અ.સ.)ની માતા બનવાનો શરફ જનાબે શહેરબાનુને નસીબ થયો.

હઝરત રસૂલ (સ.અ.વ.) ફરમાવતા હતા કે અલ્લાહતઆલા પોતાના બંદાઓમાંથી બે કૌમ (અરબ અને અજમ)ને બહેતરીન બનાવી અને અરબમાંથી કુરૈશને અને અજમમાંથી ફારસને પસંદ કરી લીધા છે. હઝરત ઈમામે

ઝયનુલ આબેદીન (અ.સ.) અરબ અને અજમનું એકીકરણ છે. એટલે આપને "ઈબ્નુલ ખયરતયન" કહીને પુકારવામાં આવે છે.

★★★

# જનાબે શહેરબાનુનું આગમન

જમલની લડાઈ બાદ ખુરાસાનના મર્વમાં સખ્ત બળવો થયો, એ વખતે ઈરાનમાં (રવઝતુસ્સફા અને ઈરશાદે મુફીદની રિવાયત મુજબ) હારીસ બિન જાબિર જોઅફી ગર્વનર હતા. હઝરત અલી (અ.સ.)એ મર્વના ઝઘડાને ખતમ કરવા અને તેઓ (ગવર્નર)ની મદદ માટે ખાલિદ ઈબ્ને કુર્રા યરબુઈને મોકલ્યો. લડાઈ થઈ અને ઈસ્લામી લશ્કર જીત્યું. હારીસ ઈબ્ને જાબિર જોઅફીએ યઝદે જર્દ કે જે ઉસ્માની દોરમાં મરાયો હતો તેની બે દુખ્તર શહેરબાનુ અને કિહાનબાનુને સામાન્ય કેદીઓ સાથે હઝરત અલી (અ.સ.)ની ખિદમતમાં મોકલી આપી. હઝરત અલી (અ.સ.)એ શહેરબાનુને હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની ઝવજિયતમાં અને

કિહાનબાનુને મહમદ બિન અબીબક્રને ઝવજિયતમાં આપી. હઝરત અલી (અ.સ.)ની ખિલાફત હિ.સ. ૩૬ થી હિ.સ. ૪૦ સુધી રહી. જનાબે શહેરબાનુથી હિ.સ. ૩૮માં ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) અને કિહાનબાનુથી કાસિમ બિન મોહમ્મદની વિલાદત થઇ.

★★★

# આપ (અ.સ.)ના શરીરનો બાંધો

આપ (અ.સ.)નો રંગ ઘઉંવર્ણો અને કદ મધ્યમ દરજ્જાનું હતું. આપ (અ.સ.) પાતળા અને દુર્બળ બાંધાના હતા. આપ (અ.સ.) જમાલના કારણે અન્યથી જુદા તરી આવતા હતા. આપ (અ.સ.)ના ચહેરા તરફ જોઈને દરેક ઇન્સાન આપ (અ.સ.)ને માન આપતા અને તાઅઝીમ આપવા માટે મજબૂર થઈ જતા હતા. પાકો–પાકીઝા કપડાં પહેરતા, ચાલતા ત્યારે ઘણી જ નમ્રતા સાથે ચાલતા, ચાલતા ત્યારે આપ (અ.સ.)ના હાથ આપ (અ.સ.)ની આગળ લંબાતા નહિ એટલે કે આપ (અ.સ.) જોરથી હાથ હલાવી હલાવીને ચાલતા નહી.

★★★

# આપ (અ.સ.)ની ઔલાદ

બંને પક્ષોના ઓલમાનો ઈત્તેફાક છે કે આપ (અ.સ.)ને અગિયાર સાહેબઝાદા (દીકરા) હતા અને ચાર સાહેબઝાદીઓ (દીકરીઓ) હતી. અલ્લામા શેખ મુફીદ લખે છે કે તેઓના નામ આ પ્રમાણે છે.

*(૧) હઝરત ઈમામ મોહમ્મદે બાકિર (અ.સ.) (૨) અબ્દુલ્લાહ (૩) હસન (૪) ઝૈદ (૫) ઉમર (૬) હુસૈન (૭) અબ્દુર્રહમાન (૮) સુલેમાન (૯) અલી (૧૦) મોહમ્મદે અસગર (૧૧) હુસૈને અસગર (૧૨) ખદીજા (૧૩) ફાતેમા (૧૪) ઉલ્યા (૧૫) ઉમ્મે કુલ્સૂમ*

*ઈરશાદે મુફીદ ફારસી, પા. ૪૦૧*

★★★

# બાળપણ

## ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ના બાળપણનો એક બનાવ

અલ્લામા મજલીસી (અ.ર.) લખે છે કે ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) બીમાર પડ્યા તે વખતે આપ (અ.સ.) બાળક હતા. હઝરત ઈમામ હુસૈન (અ.સ.)એ તેમને ફરમાવ્યું બેટા, હવે તમારી તબીયત કેમ છે ? અને કોઈ ચીઝની તમને ઈચ્છા થતી હોય તો કહો જેથી એ ચીઝ મંગાવી આપવાનો બંદોબસ્ત કરૂં. આપ (અ.સ.)એ જવાબમાં અરજ કરી બાબાજાન અલ્લાહતઆલાના ફઝલો કરમથી હવે મારી તબીયત સારી છે અને મારી ફક્ત એક જ ઈચ્છા છે કે અલ્લાહતઆલા મારી ગણના એ લોકોમાં કરે કે જે પરવરદિગારે આલમની કઝા અને

કદ્રના વિરૂધ્ધ કોઈપણ ઈચ્છા ન રાખતા હોય. આપ (અ.સ.)નો એ જવાબ સાંભળી ઈમામ હુસૈન (અ.સ.) ઘણા જ ખુશ થઈ ગયા અને ફરમાવવા લાગ્યા તમે ઘણો જ ખુશ કરનાર અને માઅરેફત ભર્યો જવાબ આપ્યો છે. તમારો જવાબ હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ના જવાબને મળતો જવાબ છે. હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ને મિનજનીકમાં (ગોફણ)માં બેસાડી ને આગમાં ફેંકવામાં આવ્યા અને આપ અધ્ધર હવામાં આગના તરફ ધકેલાઈ રહ્યા હતા એ વખતે હઝરત જિબ્રઈલે (અ.સ.)એ એમને પૂછયું હતું કે તમારી કોઈ હાજત છે ? અને આપ (અ.સ.)એ તેનો એ જવાબ આપ્યો, હા, બેશક હાજત તો છે પણ તમારાથી નહિ મારા પાલનહારથી છે.

*(તારીખે અઈમ્મા ૩૯૩ સવાએકે મોહરેકા, નૂરૂલ અબસાર)*

# ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)નું બચપણ અને હજ્જે બયતુલ્લાહ

અલ્લામા મજલીસી લખે છે કે ઈબ્રાહીમ બિન અદહમનું બયાન છે કે હું એકવાર હજ કરવા જઈ રહ્યો હતો. કુદરતી હાજત કરવા જતા કાફલાની પાછળ રહી ગયો. કાફલાને રવાના થવા પછી ત્યાં તેણે એક નવજવાનને જંગલનો રસ્તો કાપતાં જોયો. આશ્ચર્યની વાત તો એ હતી કે તે પગપાળા હતા. માણસો કે કોઈ સામાન પણ સાથે ન હતો. તે કહે છે કે હું આવા નવજવાનને એકલા સફર કરતા જોઈને નવાઈ પામ્યો અને તરત જ એની પાસે જઈને મેં પૂછયું "સાહેબઝાદા, આ ભયંકર નિર્જન વનમાં તમે આમ એકલા અટુલા ! મામલો શું છે ? તમારૂ ભાથું ક્યાં છે ? તમારી સવારીનું જાનવર ક્યાં

છે? અને તમે ક્યાં જઈ રહ્યા છો ? મને જરા બતાવો તો ખરા ? એ નવજવાને કહ્યું "મારૂં ભાથું પરહેઝગારી છે અને મારી સવારીનું જાનવર આ મારા બે પગો છે અને મારો મકસદ મારો પાલનહાર છે અને હું હજ કરવા જઈ રહ્યો છું." મેં કહ્યું : "તમે તો હજી નાની ઉમ્રના છો. હજ તમારા પર વાજિબ નથી થઈ." એ નવયુવાને કહ્યું : "તમારૂં કહેવું બેશક બરોબર છે, પણ અય શેખ હું મારાથી નાની ઉમ્રના લોકોને મરતા જોઉં છું એટલે હજની ફરજ અદા કરી દેવી હું જરૂરી સમજું છું કે ક્યાંક એવું ન થાય કે હજ કર્યા પહેલાં મારૂ મરણ નિપજે." મેં પૂછયું, "અય સાહેબઝાદા, તમે ખાવા પીવાનું શું કરો છો ? અત્યારે હું જોઈ રહ્યો છું કે તમારી પાસે ખાવા–પીવાની કોઈ

ચીઝ નથી. એમણે જવાબ આપ્યો, “અય શેખ જયારે તમે કોઈને ત્યાં મહેમાન થઈને જાઓ છો ત્યારે ખાવા પીવાની ચીઝો સાથે લઈને જાઓ છો? મેં જવાબ આપ્યો ’ના’ એણે કહ્યું “તો પછી સાંભળો, હું તો અલ્લાહતઆલાનો મહેમાન બનીને જઈ રહ્યો છું. મારા ખાવા પીવાનો બંદોબસ્ત એની જિમ્મેદારી છે. મેં કહ્યું આટલો લાંબો રસ્તો તમે પગપાળા કેવી રીતે કાપી શકશો? “એમણે જવાબ આપ્યો મારૂ કામ કોશિશ કરવાનું છે, મંઝિલે મકસૂદ સુધી પહોંચાડવું અલ્લાહતઆલાનું કામ છે.

અમે આપસમાં હજી આ વાતો કરી રહ્યા હતા. ત્યાં એક સફેદ પોશ ખૂબસુરત યુવાન અચાનક આવી પહોંચ્યો. અને તેણે તે નવજવાનને બોસો આપ્યો.

મેં નવા આવનાર દેખાવડા યુવાનને પૂછયું કે આ નવજવાન કોણ છે ? એણે કહ્યું એ અલી ઈબ્ને હુસૈન ઈબ્ને અલી ઈબ્ને અબી તાલિબ (અ.મુ.સ.) છે (ઈમામ ઝયનુલ આબેદીન અ.સ. છે). એ સાંભળીને હું પહેલા દેખાવડા યુવાન સાથે જરા વાતચીત કરી પાછો ઈમામ (અ.સ.) પાસે ગયો. તેમનાથી તવાઝોઅ (નમ્રતા) સાથે વાત કરીને પૂછયું કે જે ખૂબસુરત અને સોહામણા યુવાન આપ (અ.સ.)થી ગળે મળ્યા એ કોણ સાહેબ હતા ? આપ (અ.સ.)એ જવાબ આપ્યો: “એ ખિઝર (અ.સ.) છે. એમને એ જવાબદારી સોંપવામાં આવી છે કે તેઓ રોજ એક વાર અમારી મુલાકાત માટે આવતા રહે.

પછી મેં ફરીથી એક સવાલ આપ (અ.સ.)ને પૂછયો : ‘આપ (અ.સ.) આટલો

લાંબો અને ભયંકર રસ્તો ભાથા કે સવારી વગર કેવી રીતે કાપી શકશો ? આપ (અ.સ.)એ જવાબમાં ફરમાવ્યું : “હું સફર માટે જરૂરી બધીય ચીઝો ભાથું (ખાવા પીવાની ચીજ વસ્તુઓ), સવારી વગેરે મારી પાસે છે. અને તે ચાર ચીઝોમાં સમાઈ જાય છે. (૧) દુનિયાની અંદર જે મોજૂદ છે, તે તમામ અલ્લાહતઆલાની મિલ્કત છે. (૨) બધા અલ્લાહતઆલાના ગુલામ અને બંદા છે. (૩) જીવન જરૂરીયાતના સાધનો અને સગવડો બધુ અલ્લાહતઆલાના હાથમાં છે. (૪) અલ્લાહતઆલાની કઝા દરેક જમીન ઉપર જારી છે.

આપ (અ.સ.)ની આ મુબારક બોધદાયક હદીસથી મારા કાનોને પાક કર્યા બાદ મેં અરજ કરી ખરેખર આપ (અ.સ.)નું

ભાથું અને આપ (અ.સ.)ની સવારી પાકીઝા હસ્તીઓની પ્રવાસ સામગ્રીઓ છે.

★★★

# હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ના અખ્લાક

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ફરઝંદે રસૂલ હતા. એટલે તેમની અંદર સિરતે મોહમ્મદીનું હોવું જરૂરી હતું. અલ્લામા મોહમ્મદ ઈબ્ને તલ્હા શાફઈ લખે છે કે એક માણસે આપ (અ.સ.)ને બૂરૂં ભલું કહ્યું. આપ (અ.સ.)એ ફરમાવ્યું : ભાઈ, મેં તારૂં કંઈ બગાડ્યું નથી. હા, તારી જો કોઈ હાજત હોય તો તું મને જણાવ એટલે હું તે પૂરી કરી આપું એ શરમિન્દો થઈ ગયો અને આપ (અ.સ.)ના અખ્લાકના વખાણ કરવા લાગ્યો.

અલ્લામા હજર ઈબ્ને મક્કી લખે છે કે એક માણસે આપ (અ.સ.)ની બૂરાઈ આપ

(અ.સ.)ની સામે કરી આપ (અ.સ.)એ તે માણસની વાત (બેઅદબી) પર ધ્યાન ન આપ્યું. એટલે એણે કહ્યું, હું આ બધું તમારા માટે કહી રહ્યો છું. આપ (અ.સ.) ફરમાવ્યું કે હું અલ્લાહતઆલાના એ હુકમ પર કે “જાહેલોની વાતની પરવા ન કરો”, અમલ કરૂં છું.

અલ્લામા શબલંજી લખે છે ‘એક માણસે આપ (અ.સ.)ને આવીને કહ્યું કે ફલાણો માણસ આપ (અ.સ.)ની બૂરાઈ કરે છે. આપ (અ.સ.)એ ફરમાવ્યું, મને એની પાસે લઈ ચાલો. ત્યાં પહોંચીને આપ (અ.સ.)એ પહેલાં માણસને કહ્યું “જો મેં એવું કર્યું હોય તો અલ્લાહતઆલા મને માફ કરે અને જો નથી કર્યું તો અલ્લાહતઆલા તને માફ કરે કે તે મારા પર બોહતાન લગાડયુ છે.”

એક રિવાયતમાં છે કે આપ (અ.સ.) એકવાર મસ્જિદથી બહાર તશરીફ લાવ્યા તો એક માણસ આપ (અ.સ.)ને બૂરૂં ભલું કહ્યું. આપ (અ.સ.)એ ફરમાવ્યું કોઈ હાજત રાખતો હોય તો બતાવ કે હું પૂરી કરી આપું. સારૂ, લે આ પાંચ હજાર દિરહમ. પેલો માણસ ભોંઠો પડી ગયો.

અલ્લામા દમયરી લખે છે કે એક શામીએ આપ (અ.સ.)ને બૂરૂં ભલું કહ્યું. હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)એ તેને ફરમાવ્યું, "ભાઈ તમે કોઈ પરદેશી લાગો છો ? સારૂ, તો પછી તમે મારી સાથે ચાલો. મારે ત્યાં મહેમાન બનો અને જે જરૂરત હોય તે બતાવો એટલે હું પૂરી કરી આપું." એ માણસ શરમિન્દો થઈને ચાલ્યો ગયો.

અલ્લામા તબરી લખે છે કે એક માણસે આપને કહ્યું કે ફલાણો માણસ આપને ગુમરાહ અને બિદઅતી કહે છે. આપ (અ.સ.)એ ફરમાવ્યું, "અફસોસ છે કે તમે એની દોસ્તીનો ખ્યાલ ન કર્યો અને તેની બૂરાઈ મારી પાસે કરી દીધી. હવે પછીથી એવું ન કરતો."

જયારે પણ કોઈ માંગનારો આપ (અ.સ.)ના પાસે આવતો તો આપ (અ.સ.) ઘણા ખુશ થઈ જતા અને ફરમાવતા હતા. "અલ્લાહતઆલા તારૂં ભલું કરે, તું મારૂં આખેરતનું ભાથું ઉપાડવા આવી ગયો છે."

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) સહીફએ કામેલામાં ફરમાવે છે. "અય અલ્લાહ ! તું લોકોની નજરમાં મારો જેટલો દરજજો વધારજે પણ ખુદ મારી નજરમાં મારો

એટલો દરજ્જો ઘટાવજે અને મારા માટે કોઈ જાહેરી ઈઝઝત ન પેદા કરજે પણ એ કે મારા માટે એટલી જ બાતેની ઝિલ્લત પેદા કરી દેજે.”

★★★

# હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની ઉદારતા

હસીન ઈબ્ને નમીર મક્કાથી નાસીને મદીના આવ્યો. મદીનામાં એના રોકાણ દરમિયાન એ મલઉન એક રાતે અનાજ અને બીજી સામગ્રીઓ મેળવવા માટે એ થોડાક ઘોડે સવારો સાથે ગામડા તરફ ગયો. રસ્તામાં એની મુલાકાત હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) સાથે થઈ. હઝરત ઈમામ (અ.સ.) સાથે કેટલાક ઊંટો હતા જેના પર અનાજ લાદેલું હતું. તેણે આપ (અ.સ.)થી એ અનાજ ખરીદવા ચાહ્યું, આપ (અ.સ.)એ ફરમાવ્યું તું એમ જ લઈ જા. અમે તેને વેચી શકતા નથી. (કારણકે તેઓ એ અનાજ મદીનાના ગરીબ લોકોમાં મફત તકસીમ કરવા માટે લઈ જઈ રહ્યા હતા.) એણે

પૂછયું આપનું નામ શું છે ? આપે ફરમાવ્યું : અલી ઈબ્નુલ હુસૈન (અ.સ.) અલ્લાહ રે ! આપ (અ.સ.)ની કરમનવાઝી–ઉદારતા કે આપ (અ.સ.)એ એ જાણી લીધું કે તે મારા વાલિદના કાતિલોમાંથી છે છતાંય આપ (અ.સ.)એ તેને બધું અનાજ મફત આપી દીધું (અને ફકીરો માટે અનાજનો બીજો બંદોબસ્ત કર્યો.) એણે જયારે આપ (અ.સ.)ની મહેરબાની અને ઉપકારની આવી અનુપમ ઉદારતા જોઈ અને આપ (અ.સ.)ને સારી રીતે ઓળખી લીધા તો કહેવા લાગ્યો. યઝીદ તો જહન્નમ વાસીલ થઈ ચૂક્યો છે. આપ (અ.સ.) સિવાય બીજો કોઈ ખિલાફતનો હકદાર નથી, આપ (અ.સ.) મારી સાથે શામ ચાલો હું આપ (અ.સ.)ને ખિલાફતના તખ્ત પર બેસાડી આપીશ. આપ (અ.સ.)એ

ફરમાવ્યું કે હું અલ્લાહતઆલા સાથે અહદ કરી ચૂક્યો છું કે "હું હવે જાહેરી ખિલાફત કબૂલ કરીશ નહિ" એટલું ફરમાવીને આપ (અ.સ.) ઘરમાં તશરીફ લઈ ગયા.

અલ્લામા ઈબ્ને તલ્હા શાફેઈ લખે છે કે હઝરત ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.) મદીનાના સો ગરીબ ઘરોનું પાલનપોષણ કરતા હતા અને બધી જરૂરી સામગ્રીઓ એમના ઘરે ખુદ પહોંચાડી આવતા હતા. એમાનાં કેટલાક એવા ઘરો હતા જેને એ પણ ખબર ન હતી કે રાતે કોણ એમના ઘરે જરૂરી સામગ્રીઓ પહોંચાડી જાય છે. આપ (અ.સ.) રોટલી અને લોટની બોરીઓ પોતાની પીઠ પર લાદીને એમના ઘરે પહોંચાડી આવતા, આ સિલસિલો આપ (અ.સ.)ની શહાદત સુધી જારી રહ્યો.

★★★

# વઝુ વખતે આપ (અ.સ.)ની હાલત

ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.) જયારે વઝુનો ઈરાદો ફરમાવતા ત્યારે આપ (અ.સ.)ની રગે રગ અને અંગે અંગમા અલ્લાહતઆલાના ડરની નિશાનીઓ જાહેર થવા લાગતી. મોહમ્મદ બિન તલહા શાફેઈ લખે છે કે આપ (અ.સ.)ને પૂછવામા આવ્યું કે આપ (અ.સ.) જયારે વઝુનો ઈરાદો કરો અને વઝુ કરવા માટે બેસો છો, ત્યારે આપ (અ.સ.)ના ચહેરાનો રંગ પીળો કેમ પડી જાય છે ? તો આપ (અ.સ.)એ ફરમાવ્યું : એ વખતે મારૂં સમગ્ર ધ્યાન ખાલિક (સર્જનહાર)ના તરફ થઈ જાય છે. તેની જલાલતના રોઅબથી મારી આ હાલત થઈ જાય છે.

★★★

# નમાઝમાં આપ (અ.સ.)ની હાલત

અલ્લામા તબરી લખે છે કે આપ (અ.સ.)ને ઈબાદત ગુઝારીમાં ઈમ્તેયાઝે કામિલ હાંસિલ હતો. રાતોના ઉજાગરા કરવાના કારણે આપ (અ.સ.)નું આખુય શરીર પીળાશ પડતું થઈ ગયું હતુ. અલ્લાહતઆલાના ખૌફમાં એક ધારૂ રડી રડીને આપ (અ.સ.)ની આંખોના ડોળા ફૂલી જતા હતા. તેમજ નમાઝમાં એક ધારા લાંબો વખત સ્થિર ઉભા રહેવાના કારણે આપ (અ.સ.)ના પગો પર સોજા ચડી જતા હતા. પેશાની પર ઢીંમણા રહેતા અને નાકની અણી ઝખ્માએલી રહેતી હતી. આપ (અ.સ.) નમાઝ પઢવા માટે મુસલ્લા પર ઉભા થતા ત્યારે શરીર ધ્રુજવા લાગતું. લોકોએ આપ (અ.સ.)ના બદનમાં ધ્રુજારીનું કારણ પૂછતાં આપ (અ.સ.)એ ઈરશાદ ફરમાવ્યું કે હું તે વખતે

અલ્લાહતઆલાની બારગાહમાં હોઉં છું, અલ્લાહ (સુ.વ.ત.)ના જલાલથી મારી આવી હાલત થઈ જાય છે.

એક વાર આપના ઘરમાં આગ લાગી. આપ (અ.સ.) એ વખતે નમાઝમાં મશગૂલ હતા. આડોશી–પાડોશી અને મોહલ્લાવાળાઓએ ચીસા ચીસ કરી મૂકી અને આપ (અ.સ.)ને વારંવાર મોટા અવાજે સાદ કર્યા કે હુઝુર આપના ઘરમાં આગ લાગી છે. પણ આપ (અ.સ.)એ સિજદામાંથી સર ન ઉઠાવ્યું. શાંત ચિત્તે અને એક ધ્યાન સાથે નમાઝમાં મશગૂલ રહ્યા. લોકોએ ભેગા મળીને જેમ તેમ કરીને આગ બુઝાવી નાખી. આપ (અ.સ.) નમાઝ ખતમ કરી ચૂક્યા તો લોકોએ આપ (અ.સ.)ને કહ્યું, આગનો મામલો હતો. અમે શોર મચાવ્યો, પણ આપ (અ.સ.)એ ધ્યાન પણ ન આપ્યું. આપ

(અ.સ.)એ ફરમાવ્યું, “જહન્નમની ભડભડતી આગના ડરથી નમાઝ તોડીને આ આગ તરફ હું ધ્યાન ન આપી શક્યો.

એક વખતે ઈમામે બાકિર (અ.સ.) કૂવામાં પડી ગયા. કૂવો ઘણો ઊંડો હતો. બાળક કૂવામાં પડી જતાં વાલેદા બહુ જ બેચેન થઈ ગયા અને રડવા લાગ્યાં અને કહેતાં હતાં કે અય રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના ફરઝંદ મોહમ્મદે બાકિર (અ.સ.) કૂવામાં પડીને ડુબી ગયા છે. ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.) બાળક કૂવામાં પડી ગયું છતાં પણ નિરાંતે નમાઝ પઢતા રહ્યા. નમાઝ પૂરી કર્યા બાદ આપ (અ.સ.) કૂવા પાસે ગયા અને પાણી તરફ હાથ લાંબો કર્યો અને દોરડા વગર જ એ ઊંડા કૂવામાંથી બાળકને બહાર કાઢ્યું. બાળક હસતુ હસતુ

બહાર આવ્યું. અલ્લાહતઆલાની કુદરત જુઓ કે બાળકના કપડાં પણ ભીંજાયા નહોતા.

*(ચૌદા સિતારે)*

★★★

# ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની દરરોજ રાત – દિવસની એક હજાર રકઅત નમાઝ

આલિમોનું બયાન છે કે એક રાત અને દિવસમાં આપ (અ.સ.) એક હજાર રકાત નમાઝ અદા કરતા હતા. આપ (અ.સ.) એટલા સિજદા કરતા હતા કે જેની કોઈ ગણતરી ન હતી, એટલે સિજદામાં અવયવો ઘસાતા ઘસાતા ઢીમણાં પડી જતા હતા અને તેને અમુક સમયે કાપવામાં આવતા હતા. અલ્લામા મજલીસી લખે છે કે આપ (અ.સ.)ના સજદાના સ્થાનોના ઢીંમણા વર્ષમાં બે વાર કાપવામાં આવતા હતા.

★★★

# ઈમામતના મનસબ પર ફાએઝ થયા પહેલા અને પછી

## ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ઈમામતના મનસબ પર ફાએઝ થવા પહેલાં

જો કે આપણો અકીદો એ છે કે ઈમામ (અ.સ.) ઈમામતની બધી લાયકાતો સાથે આ દુનિયામાં આવે છે. તે છતાં કાર્યોની અદાયગી સબંધી ફરજોની જિમ્મેદારી ઝમાના ઈમામની હેસીયતથી કામ સંભાળે છે ત્યારથી શરૂ થાય છે. એટલે કે આખાય આલમ પર એવો વખત આવે કે જયારે એમનાથી વધારે ફઝીલતવાળી, વધારે

ઈલ્મવાળી વ્યક્તિ મોજૂદ ન હોય તે વખતે ઈમામતની જિમ્મેદારી તેમના પર આવે છે. આ કાયદા પ્રમાણે ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) જો કે વિલાદતના વખતથી જ ઈમામ હતા. પણ ઈમામ તરીકેની આપની જિમ્મેદારીની અદાયગી આપ પર એ વખતે આવી કે જયારે આપના વાલિદે – માજીદ હઝરત ઈમામ હુસૈન (અ.સ.) શહીદ થયા.

ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.)ની વિલાદત હિ.સ. ૩૮માં થઈ. એ વખતે હઝરત અલી (અ.સ.)ની જાહેરી ખિલાફતનો ઝમાનો હતો. આપ (અ.સ.)એ પોતાના બાળપણના બે વર્ષ હઝરત અલી (અ.સ.)ની સાથે વિતાવ્યા પછી હિ.સ. ૫૦ સુધી ઈમામ હસન (અ.સ.)નો

ઝમાનો આપ (અ.સ.)ને મળ્યો અને ત્યારબાદ હિ.સ. ૬૧ના આશૂરાના દિવસ સુધી ઈમામ હુસૈન (અ.સ.) ઈમામતની ફરઝો અદા કરતા રહ્યા. આશૂરાની બપોરથી ઈમામતની બધી જિમ્મેદારી આપ (અ.સ.) ઉપર આવી. હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ના મકસદને આગળ ધપાવવામાં આપ (અ.સ.)એ ઈમામતના મનસબ પર ફાએઝ થયા બાદ બહુ શાનદાર કામગીરી અંજામ આપી.

★★★

# કરબલાના સિલસિલામાં ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની શાનદાર કામગીરી

૨૮ મી રજબ હિ.સ. ૬૦માં આપ (અ.સ.) ઈમામ હુસૈન (અ.સ.)ની સાથે મદીનાથી રવાના થઈને મક્કા ગયા. ત્યાં ચાર મહિના રોકાયા બાદ ત્યાંથી રવાના થઈને બીજી મોહર્રમ સન ૬૧ હિજરીમાં કરબલામાં દાખલ થયા ત્યાં પહોંચતાની સાથે જ અથવા ત્યાં પહોંચ્યાની પહેલાં બીમાર પડ્યા. બીમારીએ એટલું ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધું અને એટલી લંબાણી કે ઈમામે હુસૈન (અ.સ.)ની શહાદત સુધી આપ એટલા તંદુરસ્ત ન થઈ શક્યા કે રણ મેદાનમાં ઉતરી શહાદતનો દરજ્જો

હાસિલ કરી શકે, પણ તે છતાં જયારે પણ “મદદ માટે અવાજ આપવામાં આવતો ત્યારે આપ (અ.સ.) બેઠા થઈ જતા અને મેદાનમાં જવા માટે બેચેન બની જતા. હઝરત ઈમામ હુસૈન (અ.સ.)એ જયારે છેલ્લી વાર મદદ માટે અવાજ આપ્યો ત્યારે તો આપ (અ.સ.) ખૈમાની બહાર નીકળી આવ્યા હતા. હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની અચાનક નઝર પડતાં એમણે રણ મેદાનમાંથી જનાબે ઝયનબ (સલા.)ને અવાજ આપ્યો કે બહેન સૈયદે સજ્જાદને રોકો, નહિ તો રસૂલ (સ.અ.વ.)ની નસ્લનો ખાતમો થઈ જશે. હુકમે ઈમામથી જનાબે ઝયનબ (સલા.)એ તેમને મેદાનમાં જતા અટકાવ્યા. અહલે સુન્નતના મહાન આલિમ શીબલંજી પોતાની કિતાબમાં લખે છે કે

આપ બીમારીના કારણે (કરબલાના મેદાનમાં) શહાદતના દરજ્જા પર ફાએઝ ન થઈ શક્યા.

હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની શહાદત બાદ જયારે ખૈમાઓને આગ લગાડવામાં આવી ત્યારે આપ એક ખૈમામાં પથારીવશ હતા. જનાબે ઝયનબ (સલા.)એ પોતાની મહત્વની ફરજોની અદાયગીના સિલસિલામાં હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની સંભાળની સૌથી મહત્વની ફરજને બધાથી પહેલા બજાવી હતી અને ઈમામ (અ.સ.)ને બચાવી લીધા હતા. રાત વીતી અને સવાર પડી, દુશ્મનોએ ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ને એવી કરૂણતાથી ઢંઢોળ્યા કે આપ (અ.સ.) હોશમાં આવી ગયા. આપ (અ.સ.)ને કહેવામાં આવ્યું કે બધાને ઊંટો પર બેસાડીને ઈબ્ને ઝિયાદના દરબારમાં લઈ ચાલો. બધાને

ઊંટો પર સવાર કરીને આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના સારબાન ફુઈઓ, બહેનો અને બધી બીબીઓને લઈને ઈબ્ને ઝિયાદના દરબારમાં જવા રવાના થયા. ઔરતો અને બચ્ચાઓને રસ્સીઓથી જકડવામાં આવ્યા હતા અને ઈમામને તૌક, બેડીઓ અને જંજીરો પહેરાવેલી હતી! આપ (અ.સ.)ને દુશ્મનોએ બીમારીને કારણે ઊંટની પીઠ ઉપર બાંધી દીધા હતા.

★★★

# કુફાની બજારમાં આપ (અ.સ.)નો ખુત્બો

“અય લોકો ! તમારામાંથી જે મને જાણે છે, તે તો જાણે છે, પણ જે નથી જાણતા, તે હવે જાણી લે કે, હું અલી ઈબ્ને હુસૈન ઈબ્ને અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છું. હું તે પાકીઝા પુરૂષનો ફરઝંદ છું, જેનું સર મુબારક ફુરાતના કિનારા પર ધડથી અલગ કરવામાં આવ્યું છે. અને તે પણ એવી હાલતમાં કે એના ખૂનનો બદલો લેનાર કોઈ ન હતુ, હું તે પાકીઝા પુરૂષનો ફરઝંદ છું, જેની હુરમતનો પરદો ચાક કરવામાં આવ્યો છે અને જેની નેઅમતોની નાશુક્રી કરવામાં આવી, જેની માલ મિલકત લૂંટવામાં આવી છે, જેના બાલ બચ્ચાઓને કેદ કરવામા આવ્યા છે, જેને ઘણી તકલીફો આપી શહીદ

કરવામાં આવ્યા છે અને આ મઝલૂમીયત સાથે શહીદ થવું એ અમારા ગર્વ માટે પુરતી છે. હવે અય લોકો, હું તમને અલ્લાહતઆલાના સોગંદ આપુ છું, શું તમે તેજ લોકો નથી, જેમણે મારા મોહતરમ વાલિદને પત્ર પર પત્ર લખીને તેડાવ્યા, અને તેઓ તમારી વિનંતીઓને માન આપીને આવ્યા, તમે એમની સાથે મક્રો-ફરેબ કર્યો એમની બયઅત કરી અને મજબૂત વચન આપ્યા અને પછી તમે લોકોએ જ તેમને શહીદ કર્યા અને એમને એમના હોદ્દા પરથી હટાવ્યા, તો પછી અય લોકો! તમે તમારા માટે કેવું ખરાબ ભાથું ભેગું કર્યું છે? તમે કેવા ખરાબ વિચારના માણસો છો! તમે કઈ આંખોથી જનાબ રિસાલત મઆબ (સ.અ.વ.)ના દીદારનો શરફ હાંસિલ કરશો ? અને કેવી રીતે રસૂલ (સ.અ.વ.)ની

સામે જશો? જયારે કે તમને અલ્લાહતઆલાના રસૂલ (સ.અ.વ.) ફરમાવશેઃ તમે જ મારા બચ્ચાઓને શહીદ કર્યા છે; મારી હુરમત ન જાળવી, એટલે તમે મારી ઉમ્મતમાંથી નથી.”

હઝરતનું બયાન આટલે સુધી પહોંચ્યું, ત્યાં તો લોકોમાંથી રોકકળના શોર ઉઠયાં, ઠેર ઠેરથી રડવાની આવાજો આવવા લાગી. આ હાલત જોઈને ઈમામ (અ.સ.)એ કહ્યું: “અય અલ્લાહ ! એ માણસની હાલત પર રહેમ ફરમાવ કે, જે અલ્લાહ અને રસૂલ (સ.અ.વ.) અને તેની આલની રાહમાં અમારી શિખામણ અને નસીહતને મંજૂર રાખી તેને અનુસરવા તૈયાર છે, કારણ કે અમો એહલેબૈત (અ.મુ.સ.) અલ્લાહના રસૂલ (સ.અ.વ.) જેમ જ નમુનાએ અમલ છીએ.”

આપ (અ.સ.)ની આ હિદાયત અને ફરમાન સાંભળીને કુફાના લોકો એક આવાજે બોલી ઉઠયા, “અમે બધા આપ (અ.સ.)ના ફરમાનના તાબેદાર છીએ, આપ જે કંઈ ફરમાવશો, તે આંખ અને માથા પર ચઢાવી લેશું. આપ (અ.સ.) જેના સામે લડશો, અમે પણ તેના સામે જંગ કરશું, આપ (અ.સ.) જેની સાથે સુલેહ કરશો, અમે પણ તેના સાથે સુલેહ કરશું અને તે એટલે સુધી કે એ ઝાલિમોથી આપ (અ.સ.) ઉપર વીતેલા ઝુલ્મો અને સિતમોનો બરોબર બદલો લેવાઈ જાય.

કુફાના લોકોની આ વાત સાંભળીને ઈમામ (અ.સ.)એ કહ્યુંઃ “અય કુફાવાસીઓ ! અફસોસ ! અફસોસ ! અય દગાબાજો, અય ધોકેબાજો, તમારા ફરેબો અને તમારી

વાસનાઓની વચ્ચે અમને ઘેરીને તમે શું એમ ચાહો છો કે અમે અમારા બુઝુર્ગોની જેમ તમારી પાસે આવીએ? અલ્લાહતઆલાની કસમ ! હરગિઝ હું તેમ નહિં કરીશ, ગઈકાલે મારા વાલિદ તથા તેના સાથીઓની શહાદતનાના કારી જખ્મો મારા કાળજા પર લાગેલા છે, તે હજી રૂઝાયા નથી. હજી સુધી મારા વાલિદ, ભાઈ અને મારા વહાલાઓ પર વીતેલા સિતમોની કડવી યાદ હું ભૂલ્યો નથી. એ સિતમોના વિચારથી મારી છાતીમાં શૂળ ભોંકાય છે. અને તેનો ગમ હજુ સુધી ભુલાયો નથી. હું તમને એટલું જ કહું છું કે, તમે અમારી તરફેણમાં કે અમારા વિરૂધ્ધ ન રહો.

પછી કુફાના દરબારમાં ગયા આપ (અ.સ.)ને અને બાનુઓને કૈદખાનામાં પુરી

દેવામાં આવ્યા. સાત દિવસ પછી એ બધાને શામ મોકલી દેવામાં આવ્યા. અલ્લાહ રે ! સબ્રે ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ! બહેનો અને ફુફીઓનો સંગાથ અને હોઠ પર ખામોશીની મહોર ! આપ શામની હદમાં દાખલ થયા ત્યારનો એક બનાવ એ છે કે આપના હાથમાં હથકડિયો, પગમાં બેડીઓ અને ગળામાં કાંટાળો તૌક, જાણે એ પુરતા ન હોય તેમ આપ (અ.સ.)ના ઉપર લોકો આગ વરસાવી રહ્યા હતા. એટલા માટે જ કરબલાના દુ:ખદ બનાવ પછી એક સવાલના જવાબમાં અશ્શામ, અશ્શામ, અશ્શામ જેવા શબ્દો આપના મોઢામાંથી સરી પડ્યા હતા.

શામ પહોંચ્યા બાદ કેટલાક કલાકો અથવા કેટલાક દિવસ બાદ આપ (અ.સ.)ને આલે મોહમ્મદ (અ.મુ.સ.) અને શહીદોના

માથાઓ સાથે શામના રાજદરબારમાં લાવવામાં આવ્યા અને પછી તેમને કૈદખાનામાં પૂરી દેવામાં આવ્યા.

★★★

## શામમાં આપ (અ.સ.)નો ખુત્બો

"અય લોકો! અલ્લાહતઆલાએ અમને ઈલ્મ, હિલ્મ (નમ્રતા), માફી, વાકચાતુર્ય (ફસાહત–બલાગત) અને બહાદુરીના ગુણો અર્પણ કર્યા છે, અને મોઅ્મીનોના દિલમાં અમારી મોહબ્બત ભરી દીધી છે. અમને તેણે અલ્લાહના રસૂલ (સ.અ.વ.) અહમદે મુખ્તાર, હૈદરે કર્રાર, જઅ્ફરે તૈયાર અને હમઝા શહીદોના સરદારના સંબધથી અન્ય લોકો ઊપર ફઝીલત આપી છે, જે લોકો મને જાણતા હોય કે ન જાણતા હોય, તેમને હું મારા ખાનદાનની શરાફત સંબંધી ખબર આપુ છું. હું મક્કા અને મિનાનો ફરઝંદ છું, હું ઝમઝમ અને સફાનો ફરઝંદ છું, હું તેનો ફરઝંદ છું જેણે હજરે અસવદ (કાળા પથ્થર)ને પોતાની ચાદરમાં ઉપાડયો હતો. હું તેનો ફરઝંદ છું જે બુરાક પર

સવાર થઈને તમામ આલમની સફર કરી હતી, હું તેનો ફરઝંદ છું કે જે 'સિદરતુલ મુન્તહા' સુધી પહોંચ્યા હતા. અને જેને અલ્લાહતઆલાએ પોતાની વહીના ખજાના બતાવ્યા હતા, હું તે પાકીઝા હસ્તીનો ફરઝંદ છું જે 'કાબો કૌસેન (તીર કમાન)થી પણ નજદીકના અંતર સુધી પહોંચ્યા હતા, હું તે બહાદુરનો ફરઝંદ છું જેઓએ બે તલવારો અને બે ભાલાઓથી જંગ કરી હતી, હું તેનો ફરઝંદ છું જેની તાલીમથી કાફીરોએ સત્ય માર્ગ ધારણ કર્યું, હું તેનો ફરઝંદ છું જેણે પયગંબર (સ.અ.વ.) સાથે બે વાર હિજરત કરી, એક હિજરત શોઅબએ અબી તાલિબમાં અને બીજી હિજરત મદીનામાં, હું તેનો ફરઝંદ છું જેના જિબ્રઈલ (અ.સ.) હિમાયતી હતા, અને મીકાઈલ (અ.સ.) જેના મદદગાર હતા, હું તેનો ફરઝંદ છું જેણે

ખારજીઓને નિર્મૂળ કર્યા, તલ્હા તથા ઝુબેરનાં લશ્કરને વેર–વિખેર કર્યા અને શામની સેનાને ખેદાન મેદાન કરી દીધી. હું જનાબે ફાતેમતુઝ્ઝહરા (સલા.) હઝરત ખદિજતુલ કુબરા (સલા.)નો ફરઝંદ છું, અને હું સિદરતુલ મુન્તહાનો ફરઝંદ છું હું એનો ફરઝંદ છું જેને તેના ખૂનથી નવડાવામાં આવ્યા, હું તેનો ફરઝંદ છું જેના પાકીઝા જિસ્મને કરબલાની ગરમ જમીન ઊપર બેકફન છોડી દેવામાં આવ્યું. અને તેની અબા ઉતારી લેવામાં આવી. હું તેનો ફરઝંદ છું જેના પર આસમાનમાં ફરિશ્તાઓએ માતમ કર્યું, જમીન પર જિન્નો અને ઈન્સાનનો તેના પર રડયા, અને પક્ષીઓએ જેના પર વિલાપ કર્યો. જયારે ઈમામ (અ.સ.)નો ખુત્બો અહીં સુધી પહોંચ્યો લોકોના રોક્કળની આવાજો

આવવા લાગી યઝીદ (લા.અ.)ને બળવાનો ડર લાગ્યો અને અઝાનનો હુકમ આપ્યો.

પછી અહલેબૈત (અ.મુ.સ.)ને કૈદમાંથી મુક્ત કરવા ઊપર મજબૂર થયો, કેદની મુદ્દત પુરી થવા બાદ આપ (અ.સ.) લૂંટાયેલો કાફલો લઈને કરબલા થઈને મદીના મુનવ્વરા પહોંચ્યા. મદીનામાં લોકોએ આહોઝારી અને ગમ સાથે આપનું સ્વાગત કર્યું. પંદર દિવસ સુધી રાત – દિન નવહા અને માતમ થતા રહ્યા.

કરબલાના દુ:ખદ બનાવની અસર આલે મોહમ્મદ (અ.મુ.સ.)ના દિલો પર એવી થઈ હતી કે જનાબે રૂબાબે છાંયામાં બેસવાનું તજી દીધું. ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.) જિંદગીભર રોતા રહ્યા. મદીનાવાસીઓએ યઝીદ

(લા.અ.)ની બયઅતને ફગાવી દઈને તેના સામે બળવો પોકાર્યો હતો. અંતે વાત હર્રાના બનાવ સુધી પહોંચી.

★★★

# હર્રાનો બનાવ અને ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)

કરબલાના દુ:ખદ બનાવે ઈસ્લામી જગતમાં ખળભળાટ મચાવી દીધો. ખાસ કરીને ઈરાનમાં એક કૌમી જોશ પેદા કરી દીધો, યઝીદ (લા.અ.) બેનમાઝી શરાબી હતો. બહેન–બેટીઓથી નિકાહ કરતો અને વાંદરાઓથી રમતો હતો. એ બિનઇસ્લામીક આચાર–વિચાર ધરાવતો હતો. ઉપરાંત તે (લા.અ.)એ નબી (સ.અ.વ.)ના નવાસા હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ને શહીદ કર્યા હતા. એ કારણોસર મદીનાવાસીઓમાં તેના વિરૂધ્ધ એટલો રોષ પેદા થયો અને ફેલાણો કે અંતે તેના રાજપદનો ઈન્કાર કરી દીધો અને જાહેર કરી દીધું કે એ અમારો હાકીમ નથી. મદીનાવાસીઓએ

અબ્દુલ્લાહ બિન હન્ઝલાને પોતાનો સરદાર બનાવીને યઝીદ (લા.અ.)ના ગવર્નર ઉસ્માન બિન મોહમ્મદ બિન અબી સુફયાનને મદીનાથી કાઢી મૂક્યો.

સિયુતી તારીખુલ ખોલફામાં લખે છે કે ઈબ્ને ગસીલુલ મલાઈકા કહે છે કે યઝીદને હાકીમ સ્વીકારશું તો આસમાન પરથી અમારા પર પથ્થરો વરસી પડશે એ વાતની ખાત્રી ન થઈ ત્યાં સુધી અમે યઝીદની ખલાફતનો ઈન્કાર નહોતો કર્યો. આ ગઝબની વાત નહિ તો બીજું શું છે કે લોકો બહેન, બેટીઓ સાથે ઝિના કરે અને નમાઝો પઢવી છોડી દે, જાહેરમાં શરાબ પીએ અને અમે તેની ખિલાફત કબૂલ કરીએ.

યઝીદ (લા.અ.)એ એક જંગી સેના સાથે મુસ્લિમ બિન અકબાને મદીના મોકલ્યો. આ માણસ બહુ જ ખૂનરેઝી કરવાના કારણે મુસરિફના નામથી મશ્હૂર હતો. મદીનાવાસીઓએ બાબે તય્યબા પાસે આવેલ હર્રા નામના સ્થળે શામીઓનો મુકાબલો કર્યો. ભયંકર લડાઈ થઈ, મદીનાવાસી મુસલમાનોની સંખ્યા શામીઓ કરતાં ઓછી હતી છતાંપણ તેમણે ઘણી જ બહાદુરીથી સામનો કર્યો પણ અંતે હાર પામ્યા. મદીનાના ચુનંદા બહાદુરો, રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના મોટા મોટા સહાબીઓ, અન્સાર અને મોહાજીર બંનેમાંથી આ આફતભર્યા યુધ્ધમાં શહીદ થયા. શામીઓ શહેરમાં ઘુસી આવ્યા, મઝારોને બિસ્માર કર્યા. હજારો ઔરતો સાથે

બદકારી કરી, હજારો કુવારીઓની ઈસ્મત ભંગ કરી, લૂંટફાટ ચલાવીને આખા શહેરને લૂંટ્યું, ત્રણ દિવસ સુધી આવી રીતે કત્લેઆમ ચલાવી. આ લડાઈમાં દસ હજાર મદીનાવાસીઓ કત્લ થયા. કત્લ થનારાઓમાં ૭૦૦ મોહાજીર અને અન્સાર પણ હતા અને એટલી જ સંખ્યામાં કુરઆનના હાફિઝો, હદીસવેત્તાઓ, આલિમો અને નેકલોકો પણ હતા. હજારો છોકરા છોકરીઓને ગુલામ બનાવી લેવાયા અને બચી ગયેલા બાકીના લોકો પાસેથી ગુલામી કબૂલ રાખવાની શરતે યઝીદની બયઅત લેવામાં આવી. મસ્જિદે નબવી અને હરમે મોહતરમમાં ઘોડા બંધાવ્યા કે જેના કારણે એ પાક જગ્યાઓમાં ગંદકીના ઢગલા થઈ ગયા.

આ બનાવ ઈસ્લામી ઈતિહાસમાં "હર્રા"ના નામથી મશહૂર છે અને તે ૨૭મી કે ૨૮મી ઝિલહજ્જના દિવસે બન્યો હતો.

મોલવી અમીરઅલી આ બનાવના બારામાં લખે છે કે કુફ્ર અને બુતપરસ્તીએ ફરી એકવાર સત્તા જમાવી અને એક ફિરંગી ઈતિહાસ લખનાર લખે છે. કુફ્રનું ફરીથી જન્મ લેવું ઈસ્લામ માટે ઘણું જ ખતરનાક અને તબાહી ઉપજાવનારૂં સાબિત થયું. બાકીના બધા મદીનાવાસીને યઝીદના ગુલામ બનાવવામાં આવ્યા. જેણે ઈન્કાર કર્યો તેનું માથું ઉતારી લેવામાં આવ્યું.

ઈમામ (અ.સ.)ની પાસે એક ખંબા નામની નાનકડી જગ્યા હતી, જ્યાં ખેતીવાડીનું કામ થતું હતું. હર્રાના બનાવ વખતે હઝરત

ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) મદીનાથી એ જગ્યાએ જતા રહ્યા હતા જેને હઝરત અલી (અ.સ.)એ હ. ઉસ્માનની ખિલાફતમાં પોતાનું રહેઠાણ બનાવ્યું હતું.

હર્રાના બનાવ વખતે મરવાનને પોતાની તથા પોતાના બાલ બચ્ચાઓની સલામતીનો ભય લાગ્યો કારણ કે હુકૂમતની નજર તેનાથી ફરી ગઈ હતી અને તે રાજસત્તાની નારાજગીમાં આવી ગયો હતો. આથી તે અબ્દુલ્લાહ બિન ઉમર પાસે પોતાનુ તથા પોતાના બાલ બચ્ચાંનુ રક્ષણ કરવાની વિનંતી લઈને ગયો એણે કહ્યું કે મને મારી ઔરતોની બેહુરમતીનો ડર છે. અબ્દુલ્લાહ બિન ઉમરે સાફ ઈન્કાર કરી દીધો કે મારાથી એ થઈ શકશે નહિ. ત્યાંથી નિરાશ થઈને એ હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) પાસે આવ્યો. પોતે અને પોતાના બાલ બચ્ચા ભયમાં છે

એ વાત ઈમામ (અ.સ.)થી કરી અને આપ (અ.સ.)થી પનાહ (રક્ષણ)ની અર્ઝ કરી, હઝરત જાણતા હતા કે ખાનદાનનો આ જૂનો અને કટ્ટર દુશ્મન છે અને કરબલાના બનાવ વખતે જે દુશ્મનાવટ ભર્યો ભાગ ભજવ્યો હતો તેનો ઘડીભર માટે પણ મનમાં ખ્યાલ લાવ્યા વગર એની દરખાસ્ત તરતજ સ્વીકારી લીધી અને ફરમાવ્યું ‘સારૂં, તો બહેતર તો એ થશે કે તમે તમારા બાલ બચ્ચાંઓને મારી પાસે ખંબા મોકલી આપો. જ્યાં મારૂ ખાનદાન રહેશે ત્યાં તમારૂ ખાનદાન પણ રહેશે.’ તેથી એણે પોતાના બાલ બચ્ચાં એમની પાસે મોકલી આપ્યા. તેમાં હ. ઉસ્માનની દુખ્તર આયશા પણ હતા. અને આપ (અ.સ.)એ તેમની પુરતી હિફાઝત કરી.

★★★

# મોઅજિઝા અને ફઝીલત

## ઈમામતની સાબિતી માટે ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)એ પથ્થર પર મહોર ફરમાવી.

ઉસૂલે કાફીમાં છે કે એક ઔરત જેની ઉમર ૧૧૩ વર્ષની થઈ ગઈ હતી. હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) પાસે આવી. એની પાસે એક પથ્થર હતો જેના પર હઝરત અલી (અ.સ.), હઝરત હસન (અ.સ.), અને હઝરત હુસૈન (અ.સ.)ની મોહરે ઈમામત લાગેલી હતી. એના આવતાંની સાથે એ કંઈ કહે તે પહેલા આપ (અ.સ.)એ ફરમાવ્યું, તારા પાસે મારા બુઝુર્ગોની મોહર લાગેલ જે પથ્થર છે તે કાઢ એટલે હું પણ તેના ઉપર મારી મહોર મારી દઉં. એણે પથ્થર આપ્યો અને આપ (અ.સ.)એ તેના પર મહોર

**લગાડીને તેને પથ્થર પાછો આપી દીધો અને સાથે સાથે વૃધ્ધાવસ્થામાંથી એની જવાની પણ પલટાવી દીધી અને ખુશ ખુશ થતી ઘરે પાછી ફરી.**

★★★

# ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની ફઝીલત અબુ લયલાની જબાની

યઝીદ (લા.અ.)ના મરવા બાદ એના પુત્ર અબુ લયલા મોઆવિયા બિન યઝીદ (લા.અ.)ને ખલીફા બનાવવામાં આવ્યો એ તે પદને સ્વીકારવા રાજી નહોતો. કારણ કે એ હઝરત અલી (અ.સ.)થી મોહબ્બત રાખતો હતો અને તેમની ઔલાદને દોસ્ત રાખતો હતો. હબીબુસ સૈરની રિવાયત મુજબ એણે લોકોને કહ્યું, "હું ખિલાફત માટે યોગ્ય અને લાયક નથી. હું જરૂરી સમજુ છું કે આ બાબતમાં તમારી રહબરી કરૂં અને તમને બતાવી આપું કે એ મનસબ કોના માટે ઝીનત છે. સાંભળો હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) મોજૂદ છે. એમની અંદર કોઈ પણ પ્રકારનો એબ કાઢી શકાતો નથી. એ તેના ખરા હકદાર છે. તમે લોકો એમને મળો

અને તેમને એ પદ કબૂલ કરવા રાજી કરો, જો કે હું જાણું છું કે તેઓ કબૂલ નહિ કરે.

★★★

# હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)નું કેદખાનામાંથી ગાયબ થવું

હિ.સ. ૬૫માં મરવાનના મરણ બાદ એના પુત્ર અબ્દુલ મલિકને શામનો બાદશાહ સ્વીકારવામાં આવ્યો. જનાબે મુખ્તાર બિન અબી ઉબયદા સકફી અને અબ્દુલ્લાહ બિન ઝુબેર એના માર્ગમાં અંતરાય સમાન હતા, એ દૂર થયા બાદ એટલે કે હિ.સ. ૭૩ના જમાદીઉસ્સાનીથી તે આખા ઈસ્લામી દેશનો એક હથ્થુ બાદશાહ બની ગયો. ઈબ્ને ઝુબૈર સાથે લડવામાં હજ્જાજ બિન યુસુફે ઘણો આગળ પડતો ભાગ ભજવ્યો હતો અને પોતાની વફાદારીનો અચૂક પુરાવો પુરો પાડ્યો હતો. એટલે અબ્દુલ મલિકે તેને હિજાઝનો ગવર્નર બનાવી દીધો અને હિ.સ. ૭૫માં પોતાની પૂર્વ દિશાની રાજધાની એટલે કે

ઈરાક, ફારસ, સીસ્તાન, કિરમાન, ખુરાસાન અને કાબુલ જેમાં માવરાઉન્નહરનો પણ કેટલોક ભાગ શામિલ હતો, તેને ગવર્નર બનાવી દીધો.

હજ્જાજે પોતાના હિજાઝના ગવર્નરીના સમય દરમિયાન મદીનાવાસીઓ પર ઘણાં ઝુલ્મો કર્યા હતા. અને ઝુલ્મના ભોગ બનનારાઓમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના સહાબીઓ પણ હતા. ઈરાકમાં તેના ૨૦ વર્ષ ચાલેલ ગવર્નરીના સમય દરમિયાન એણે લગભગ દોઢ લાખ બેગુનાહ ઇન્સાનોનું ખૂન રેડ્યું હતું. મરણ વખતે જેલમાં સડતા પચ્ચાસ હજાર સ્ત્રી-પુરૂષો એની જાનને રડી રહ્યા હતા. તંગ અને છત વગરનું કેદખાનું સૌથી પહેલા તેણે બનાવ્યું હતું.

*(ઈબ્ને ખલ્કાન)*

ઈતિહાસકારો લખે છે કે, અબ્દુલ મલિકે હજ્જાજના હાથે મક્કામાં કાળો કેર વરસાવ્યો તે વખતે એણે એવુ ફરમાન જારી કર્યું કે, હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ને કેદ કરીને મારી પાસે શામમાં મોકલી દેવામાં આવે. એ મુજબ તેમને ગિરફતાર કરી મોકલવામાં આવ્યા. ઝહરીનું બયાન છે કે, હું મુલાકાત માટે તેમની પાસે ગયો, મારી નઝર એમની હથકડીઓ અને બેડીઓ પર પડતાં મારી આંખમાંથી આસું સરી પડ્યાં. મેં અરજ કરી, કાશ આ લોઢાના ઘરેણાં આપ (અ.સ.)ના હાથ–પગમાં હોવા કરતાં મારા હાથ–પગમાં હોત તો વધારે સારૂં હોત ! આપ (અ.સ.)એ જવાબમાં ફરમાવ્યું, તમે મારી બેડીઓ, હાથકડીયો અને વજનદાર તૌકને જોઈને ગભરાઈ ગયા. પણ સાંભળો મને એની

જરા પણ પરવા નથી. આપ (અ.સ.)એ બધી જંજીરો છોડી મારી નજરોથી ગાયબ થઈ ગયા ચોકીદારોએ તેમને શોધ્યા પરંતુ તેઓને કયાંય ન પામ્યા પછી હુ અબ્દુલ મલિક પાસે ગયો તેને ઈમામ (અ.સ.) બાબતે પૂછયું મને જે યોગ્ય લાગ્યુ તે જવાબ આપ્યો પછી તેને કહ્યું જયારે ઈમામ (અ.સ.) કેદખાનામાંથી ગાયબ થયા ત્યારે મારી પાસે આવ્યા અને પૂછયું મારૂ શુ કામ છે ? મેં કહ્યું તમે અહીં જ રોકાય જાવ આપ (અ.સ.)એ જવાબ આપ્યો કે નહી તેમના રોઅબ ને કારણે હું ધ્રુજી ઊઠયો.

*(હાદીયાને બરહક)*

★★★

## કાઅબાએ મોહતરમનો પાયો અને હજરે અસ્વદની સ્થાપના

અબ્દુલ મલિકે હિ.સ. ૭૧માં ઈરાક પર સેના મોકલી અને મુસ્અબ બિન ઝુબેરનો ખાત્મો કર્યો અને પછી અબદુલ્લાહ બિન ઝુબેરનો ખાત્મો કરવા માટે હજ્જાજ બિન યુસુફને એક જંગી સેના સાથે મક્કા હિ.સ. ૭૨માં મોકલ્યો. ઈબ્ને ઝુબેરે હજ્જાજનો સખ્ત મુકાબલો કર્યો. ઘણી લડાઈઓ થઈ, અંતે ઝુબેર ઘેરાયો અને કાઅબામાં પનાહ લીધી. હજ્જાજે તેને બહાર કાઢવા માટે કાઅબા પર પથ્થરોનો મારો ચલાવ્યો. એટલું જ નહિ બલ્કે, કાઅબાને જમીનદોસ્ત કરી દીધો. અને તેનો કાટમાળ વગેરે રસ્તા પર ફેંકાવી દીધો. તેને લોકો લૂંટી કે ઉપાડી ગયા. ઈબ્ને ઝુબેર હિ.સ. ૭૨માં

જમાદિઉલ આખરમા મરાયો ત્યારપછી કાઅબાને ફરીથી ચણાવવા તરફ હજ્જાજે ધ્યાન આપ્યું. યોજના ઘડાઈ તે મુજબ કામ કરવાનું શરૂ કરી દેવાયું. પણ હજી તો કામની શરૂઆત કરવામાં આવી ત્યાં તો એક અજગર આવીને એ જગ્યા પર બેસી ગયો તેને હટાવ્યા વગર પાયો ખોદાય તેમ નહોતું અને તેને હટાવવાની કોઈ યુક્તિ કારીગરોને ન સૂઝવાથી તેઓ હજ્જાજ પાસે ગયા. હજ્જાજ ગભરાયો અને લોકોને બોલાવીને મશવેરો કર્યો કે, હવે શું કરવું ? લોકોને કાંઈ સૂઝ પડી નહિ પણ તેમાંના એક માણસને વિચાર આવ્યો કે હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) હાલ મક્કામાં છે અને એ જરૂર કોઈ રસ્તો બતાવી શકશે, એટલે તેણે પોતાનો વિચાર

લોકોને જણાવ્યો. બધાને લાગ્યું કે, તે જ ઠીક છે અને હજ્જાજને પણ ઠીક લાગ્યું એટલે તેણે ઈમામ (અ.સ.)ને સમસ્યાના ઉકેલ માટે આમંત્રણ આપ્યું. આપ (અ.સ.) તશરીફ લાવ્યા એટલે હજ્જાજે વાત કરી અને સામે આવેલી સમસ્યાનો ઉકેલ માંગ્યો. આપ (અ.સ.)એ જવાબમાં ફરમાવ્યું કે હજ્જાજ તમે લોકોએ કાઅબાને પોતાની મિરાસ સમજી લીધી છે, બિનાએ ઈબ્રાહીમ (કાઅબા)ને ઉખેડીને તેનો કાટમાળ રસ્તા પર ફગાવી દીધો અને લોકો તેને લૂંટી કે ઉપાડી ગયા, હવે જ્યાં સુધી એ માલ લોકો પાછો આપી ન જાય ત્યાં સુધી અલ્લાહતઆલા તને કાઅબાનું નવેસરથી ચણતર કરવા દેશે નહી. હજ્જાજે આપ (અ.સ.)નો

જવાબ સાંભળીને જાહેરાત કરી કે, જે માણસ પાસે કાઅબાનો જે કંઈ માલ સામાન હોય તે તેણે પાછા આપી જવું અને તેના ફરમાન પછી લોકો માલ પાછો લાવ્યા બધો માલ, માટી વગેરે પાછો આવી જતાં, આપ (અ.સ.) અજગર પાસે ગયા. અજગર હટી ગયો અને આપ (અ.સ.)એ કાઅબાનો પાયો ઠીક કર્યો અને તેના પર ચણતર કરવાનું કારીગરોને કહ્યું : ચણતર કામ જયારે એ તબકકે પહોંચ્યું કે હજરે અસ્વદની સ્થાપના કરવામાં આવે ત્યારે એ મુશ્કેલી પેશ આવી કે કોઈ આલિમ, ઝાહીદ કે કાઝી તેને સ્થાપવા જતો તો પોતાના સ્થાને સ્થિર રહેવાને બદલે હલતો રહેતો હતો. આખરે હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ને

બોલાવવામાં આવ્યા આપ (અ.સ.)એ “બિસ્મિલ્લાહ” કહીને તેને સ્થાપિત કરી દીધો અને લોકોએ “અલ્લાહો અકબર”ના નારા બુલંદ કર્યા.

*(દમ્એ સાકેબા જિ. ૨, પા. ૪૩૭)*

★★★

# ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) અને એક બલ્ખનો રહેવાસી

અલ્લામા શેખ તરીહી અને અલ્લામા મજલીસી લખે છે કે એક બલ્ખનો રહેવાસી માણસ આલે મોહમ્મદ (અ.મુ.સ.) સાથે ઘણી મોહબ્બત રાખતો હતો. એ જયારે પણ મક્કા હજ કરવા જતો ત્યારે મદીના હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની ઝિયારતનો શરફ હાસિલ કરવા જતો હતો. આપ (અ.સ.)ની ઝિયારતનો શરફ હાંસિલ કર્યા વગર એ કદી પોતાના ઘરે પાછો ફરતો નહી. એક વખતે તેની ઔરતે તેને કહ્યું, તમે જયારે પણ હજ કરવા જાઓ છો ત્યારે હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની સેવામાં ભેટ સોગાદ (હદિયાઓ) લઈ જાઓ છો પરંતુ એમણે તમને આજ દિન

સુધી કંઈ પણ આપ્યું નથી. એમ કેમ ? એણે પોતાની ઔરતને આવા શબ્દો મોંઢામાંથી કાઢવા માટે ઠપકો આપ્યો અને કહ્યું કે તૌબા કર, હવે પછી એમની શાનમાં આવી ગુસ્તાખી (બેઅદબી) ન કરજે. તું નથી જાણતી કે એ ફરઝંદે રસૂલ (સ.અ.વ.) છે. અને દીન દુનિયાના માલિક છે. એમનાથી મોવદ્દત રાખવી આપણી ફરજ છે. એ સાંભળીને તેની ઔરતને પોતાની ભૂલ સમજાઈ ગઈ અને પસ્તાવા લાગી.

આ વખતે હજનો સમય આવ્યો એટલે એ હજ કરવા ગયો, અને રાબેતા મુજબ ઈમામ (અ.સ.)ની ઝિયારત કરવા મદીના ગયો અને આપ (અ.સ.)ના હાથ પગ ચુમીને આપના કદમો પાસે બેસી ગયો. આપ (અ.સ.)એ ખાણું મંગાવ્યું

અને ઈમામ (અ.સ.)ના હુકમને માન આપીને તે આપ (અ.સ.)ની સાથે જમવા બેઠો. જમ્યા પછી પેલા બલ્ખીએ આપ (અ.સ.)ના હાથ ધોવરાવવા ચાહ્યા, આપ (અ.સ.)એ કહ્યું તું મહેમાન છે, તારૂં એ કામ નથી પણ એણે આગ્રહ કરીને ઈમામ (અ.સ.)ના હાથ ધોવરાવ્યા. જયારે હાથ ધોવાનું વાસણ પાણીથી ભરાઈ ગયું એટલે આપ (અ.સ.)એ ફરમાવ્યું જો તો આ શું છે ? એણે કહ્યું પાણી છે. આપ (અ.સ.)એ કહ્યું નહિ લાલ યાકૂત છે. એણે ધ્યાનથી જોયું તો આખોય તશ્ત (હાથ ધોવાનું વાસણ) લાલ રંગના યાકૂતોથી ભરેલું હતું અને પછી એવી જ રીતે એ નીલમ અને પોખરાજથી ભરાઈ ગયું. એટલે ત્રણવાર આમ થયું એ જોઈને તેને આશ્ચર્ય થયું.

હઝરતે ફરમાવ્યું આ બધું તમારી સાથે લઈ જાઓ અને તમારી બીબીને આપી દેજો. આ માણસ આપ (અ.સ.)ની વાત સાંભળીને જરા ભોંઠો પડી ગયો અને કહ્યું મારી ઔરતે મને કહેલી વાતની આપ (અ.સ.)ને કેવી રીતે જાણ થઈ ? આપ (અ.સ.)એ ફરમાવ્યું અમને બધું માલૂમ પડી જાય છે. ત્યારપછી એ ઈમામ (અ.સ.) પાસેથી વિદાય થઈને પોતાના ઘરે ગયો અને તેને એ ઝવેરાતો આપીને બધી વાત કરી. તેથી ઔરતે કહ્યું આવતે વર્ષે તમારી સાથે હું પણ હજ માટે આવીશ અને ઈમામ (અ.સ.)ની ઝિયારતથી મુશર્રફ થઈશ. બીજા વર્ષે બંને શૌહર–બીબી હજ માટે ઘરેથી નીકળ્યા પણ રસ્તામાં ઔરતનો ઈન્તેકાલ થઈ ગયો. એટલે તે

માણસ રડતો પીટતો હઝરતની ખિદમતમાં આવ્યો. હઝરતે બે રકાત નમાઝ પઢીને ફરમાવ્યું, તમે પાછા જાઓ તમારી ઔરત જીવતી થઈ ગઈ છે. એ પોતાના ઉતારા પર આવ્યો તો ઔરતને જીવતી થયેલી જોઈ બંને પાછા હઝરતની ખિદમતમાં આવ્યા. ત્યારે એની ઔરતે કહ્યું, અલ્લાહતઆલાની કસમ એમણે જ મલેકુલ મૌતને એમ કહીને મને જીવતી કરી હતી કે, એ મારી ઝાએરા છે અને મેં અલ્લાહતઆલા પાસે એની ઉમર ત્રીસ વર્ષ વધારે કરાવી છે.

*(મુન્તખબુલ બેહાર)*

★★★

# ફરઝદક શાએરનો ઈમામ (અ.સ.)ની શાનમાં કસીદો

હશ્શામ, અબ્દુલ મલિક બિન મરવાનનો પુત્ર હતો. હિ.સ. ૧૦૫ માં ખિલાફતના તખ્ત પર આવ્યો હતો. એક વખતે તેના બાપના રાજ અમલ દરમિયાન તે હજ કરવા બયતુલ્લાહ ગયો. હજના મનાસીક –ઈબાદત અદા કરવાના સિલસિલામાં તવાફથી ફારેગ થયા બાદ એ હજરે અસ્વદને બોસા દેવા માટે ગયો પરંતુ લોકોની ભીડ એટલી હતી કે ઘણી કોશિશ કરવા છતાં હજરે અસ્વદ સુધી પહોંચવાનો તેને રસ્તો ન મળ્યો. એટલે અંતે થાકી હારીને તે એક ખુરસી મંગાવીને ભીડ ઓછી થાય તેની રાહ જોતો બેસી રહ્યો. એટલામાં હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) તશરીફ લાવ્યા અને તવાફ

કરી લીધા બાદ હજરે અસ્વદ તરફ આગળ વધ્યા, આપ (અ.સ.)ને જોઈને ટોળું હટવા લાગ્યું અને બધાએ આપ (અ.સ.)ના માટે રસ્તો કરી આપ્યો. આપ (અ.સ.) જરા પણ રૂકાવટ વગર હજરે અસ્વદ સુધી પહોંચી ગયા અને તકબીર ફરમાવવા લાગ્યા. (હજરે અસ્વદને બોસો દીધો) હશ્શામ ખુરસી ઉપર બેઠો બેઠો આ બધું જોઈ રહ્યો હતો. પોતે ખલીફાનો પુત્ર હોવા છતાં તેને કોઈએ રસ્તો નહોતો આપ્યો અને ઈમામ (અ.સ.) આવ્યા ત્યારે લોકોએ માનપૂર્વક તેમના માટે રસ્તો કરી આપ્યો એ જોઈને તેને ખરાબ લાગ્યું. હશ્શામ પ્રત્યે લાગણી ધરાવનારા કે તેનાથી આશા રાખતા ખુશામતખોરોનું ટોળું એની ખુરસીને ઘેરીને ઉભું

હતું. તેણે પણ આ દ્રશ્ય આશ્ચર્ય સાથે જોયું અને બધાને એ જાણવાની ઈચ્છા થઈ કે લોકો જેમને આટલું માન હશ્શામના મુકાબલામાં આપી રહ્યા હતા, ‘તે કોણ હસ્તી છે !’ તેમનામાંના એક મોઢે ચઢેલાથી ન રહેવાયું, એટલે એ પૂછી બેઠો હુઝુર આ કોણ બુઝુર્ગ છે જેને લોકો આટલું માન આપી રહ્યા છે ? હશ્શામ, હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ને સારી રીતે ઓળખતો હતો છતાં એને લાગ્યું કે જો એમ હું કહું કે ખાનદાને રિસાલતના ચશ્મો ચિરાગ છે તો મારા માનનારા પણ ક્યાંક એમના તરફ ઢળી ન જાય એટલે એણે અજાણ્યા બની જઈને કહ્યું, “હું નથી જાણતો.” દરબારી શાએર ફરઝદક પણ ત્યાં ઉભેલા હતા એનાથી રહેવાયું નહિ.

તેથી એણે શામીઓને કહ્યું, એ ભલે ન જાણે પણ હું જાણું છું કે આ બુઝુર્ગવાર કોણ છે ! પછી એણે ત્યાંને ત્યાં જ એક અઝીમુશ્શાન કસીદો પઢ્યો. તેના અમુક શેરોનો ગુજરાતી તરજૂમો

*"આ તેઓ છે, જેઓના પગોને બતહાની જમીન જાણે છે."*

*"તેમજ ખાનએ કાબા અને હરમ પણ એમને જાણે છે."*

*"તેઓ અલ્લાહતઆલાના બંદાઓમાંના બહેતરીન બંદાના ફરઝંદ છે."*

*"તેઓ પાકો-પાકીઝા અને પરહેઝગાર સરદાર છે."*

*"જયારે કુરૈશો તેઓને જુએ છે, ત્યારે કહે છે."*

*"તેઓની જવાંમર્દી ઉપર સર્વ બક્ષિશો પૂરી થાય છે."*

*"તેઓ જયારે સંગે અસવદને ચુંબન કરવા આવે છે."*

*"બનવાજોગ છે કે તે તેઓને ઓળખી હાથ પકડી લે."*

*"તેઓ હયાથી આંખો નીચે નમાવેલી રાખે છે."*

*“અને તેઓની સાથે વાત નથી થઇ શકતી, જ્યાં સુધી તેઓ હસે નહિ.”*

આ કસીદો સાંભળીને હશ્શામ ગુસ્સાથી લાલ પીળો થઈ ગયો અને ફરઝદકનું નામ દરબારી કવિઓની નામાવલીમાંથી કાઢી નાખ્યું તેમજ એને ગફસાન મુકામે કેદમાં પૂરી દીધા.

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ને જયારે ફરઝદકને કેદમાં પૂરી દેવાની વાતની જાણ થઈ ત્યારે આપ (અ.સ.)એ તેની પાસે બાર હજાર દિરહમ મોકલાવ્યા. ફરઝદકે આ રકમ એમ કહીને પાછી મોકલી કે મેં દુન્યવી ઉજરત માટે આ કસીદો નથી કહ્યો. આખેરતનો સવાબ કમાવવાની નિય્યતથી કહ્યો છે. હઝરતે ફરમાવ્યું આલે મોહમ્મદ

(અ.મુ.સ.)નો એ કાયદો છે કે જે વસ્તુ તેઓ કોઈને આપી દે છે તે પાછી લેતા નથી. તમે એ રકમ તમારી પાસે રાખો. બાકી તમારી નિય્યતનો અલ્લાહતઆલા તમને મહાન સવાબ આપશે એ બધું જાણે છે. આપ (અ.સ.)ની આ વાત પર ફરઝદકે આપની ભેટ સ્વીકારી લીધી.

*બીમારે કરબલા*

★★★

# હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)એ મોતીઓ અલ્લાહતઆલાની રાહમાં આપી દીધા.

ઈસ્લામી જગતનો દુન્યવી બાદશાહ અબ્દુલ મલિક બિન મરવાન મક્કા–એ–મોઅઝઝમામાં હજ કરવા આવ્યો હતો. અને ઈસ્લામી જગતના દીની બાદશાહ હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) પણ મદીનાથી મક્કા શરીફ હજ્જે બયતુલ્લાહ માટે તશરીફ લાવ્યા હતા. મનાસિકે હજના સિલસિલામાં બંનેનો સાથ થઈ ગયો. આપ (અ.સ.) આગળ હતા અને આપ (અ.સ.)ની પાછળ અબ્દુલ મલિક હતો, તેના માટે એ ઘણી અણગમતી બાબત હતી. અંતે તેનાથી રહેવાયું નહી એટલે એનાથી બોલી જવાયું શું તમારા વાલિદને મેં મારી નાખ્યા છે કે, મારા તરફ જોતા નથી ? આપ (અ.સ.)એ ઘણી

જ નરમાશથી જવાબ આપ્યો, “જેણે મારા વાલિદને શહીદ કર્યા છે તેણે પોતાની દુનિયા અને આખેરતને ખરાબ કરી લીધી છે. તું પણ એ હોંસલો રાખતો હોય તેમ લાગે છે. એણે કહ્યું ના .... ના, એવું નથી. આપ (અ.સ.)ને પૂછવાથી મારો મતલબ એ હતો કે આપ (અ.સ.) મારી પાસે આવો તો આપ (અ.સ.)ને કંઈક પૈસાથી મદદ કરૂં. આપ (અ.સ.)એ જવાબ આપ્યો મને તારા દુન્યવી માલની જરૂરત નથી મને આપનાર અલ્લાહતઆલા છે. એટલું કહીને આપ (અ.સ.)એ એ જ જગ્યાએ પોતાની રીદા (ચાદર)ને જમીન પર ફેલાવી અને કાઅબા તરફ ઈશારો કરીને કહ્યું, અય મારા માલિક ! આને તું ભરી દે, આપ (અ.સ.)ના મોંઢામાથી શબ્દો બહાર પડવાની સાથે જ આપ (અ.સ.)ની રીદાએ મુબારક મોતીઓથી ભરાઈ ગઈ અને

આપ (અ.સ.)એ તે બધુ અલ્લાહતઆલાની રાહમાં આપી દીધુ.

*(જન્નતુલ ખોલુદ પા. ૨૩)*

★★★

# ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની શહાદત

ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) જો કે ગોશાનશીની (એકાંતવાસ)ની જિંદગી ગુજારી રહ્યા હતા, પણ આપ (અ.સ.)ના રૂહાની ઈક્તેદાર (પ્રભાવ)ના કારણે એ ઝમાનાના બાદશાહ વલીદ બિન અબ્દુલ મલિકે આપ (અ.સ.)ને ઝેર અપાવ્યું અને આપ (અ.સ.) ૨૫મી મોહર્રમ હિ.સ. ૯૫ માં શહાદતના દરજ્જા પર ફાઈઝ થઈ ગયા. શહાદત વખતે આપ (અ.સ.)ની ઉમર ૫૭ વર્ષની હતી. હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.)એ નમાઝે જનાઝા પઢાવી અને આપ (અ.સ.)ને મદીનામાં જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યા. અલ્લામા

શબલજી, અલ્લામા ઈબ્ને હજર, અલ્લામા ઈબ્ને સલાહ માલેકી અને અલ્લામા સિબ્ત ઈબ્ને જવઝી લખે છે કે આપ (અ.સ.)ને ઝેર પાઈને શહીદ કરનાર એ ઝમાનાનો ખલીફા વલીદ ઈબ્ને અબ્દુલ મલિક હતો. મુલ્લા જામી લખે છે કે આપની શહાદત બાદ આપ (અ.સ.)નો ઊંટ ત્રણ દિવસ સુધી રડતો રહ્યો અને ત્રણ દિવસ નાલા અને ફરિયાદ કરતો કરતો મરી ગયો હતો.

★★★

# આપ (અ.સ.)ની યાદગાર

## રિસાલએ હુકૂક

**અલ્લાહનો હક :**

ઈખ્લાસની સાથે તેની ઈબાદત કરવી કોઈને તેનો ભાગીદાર ન બનાવવો.

**પોતાની જાતનો હક :**

અલ્લાહતઆલાની ઈબાદતમાં મશગૂલ રાખો.

**ઝબાનનો હક :**

નકામી અને બિનફાયદાકારક વાતોથી દૂર રાખો. સારી વાતો માટે તેનો ઉપયોગ કરો.

**કાનનો હક :**

ગીબત અને બીજી હરામ ચીજો સાંભળવાથી બચાવો.

**આંખોનો હક :**

હરામ દ્રશ્ય ન જુઓ અને ઈબ્રતનાક દ્રશ્ય જુઓ.

**હાથનો હક :**

હરામ કાર્યો માટે ઉપયોગ ન કરો.

**પગનો હક :**

હરામ જગ્યાએ ન જાઓ. સીધા રસ્તા પર લાગેલા રહો.

**પેટનો હક :**

જરૂરત કરતા વધારે ન ખાઓ અને હરામ ચીજોથી પેટ ન ભરો.

**શરમગાહનો હક :**

વ્યભિચાર (ઝિના)થી બચાવીને રાખો.

**નમાઝનો હક :**

નમાઝ અલ્લાહતઆલાના દરબારમાં હાજરી છે. જો બંદાને તેની મહાનતાનું યકીન થઈ જાય તો એવી રીતે તેના દરબારમાં હાજર થશે જેવી રીતે મામૂલી ગુલામ મહાન બાદશાહના દરબારમાં હાજર થાય છે. સંપૂર્ણ ધ્યાન ઈબાદતને લાયક (અલ્લાહતઆલા) તરફ જ હશે.

**હજનો હક :**

હજ અલ્લાહતઆલાની બારગાહમાં હાજરી છે. ગુનાહથી માફી અને ઈસ્તેગ્ફારની તરફનો સફર છે. હજ તૌબાની કબૂલીયતનો વસીલો છે. હજ અલ્લાહતઆલાએ તમારા ઉપર વાજિબ કરેલ છે.

**રોઝાનો હક :**

રોઝો એક પડદો છે જે આંખ, કાન, પેટ, મોઢા અને શરમગાહ ઉપર ઢંકાય જાય છે અને જહન્નમની આગથી બચાવે છે. જો તમે રોઝો નહિ રાખો તો આ પડદો હટી જશે અને તમારી અને જહન્નમ વચ્ચેનું અંતર ખત્મ થઈ જશે.

**સદકાનો હક :**

સદકો અલ્લાહતઆલા પાસે સુરક્ષિત (મહેફૂઝ) છે તેના માટે કોઈ ગવાહની જરૂર નથી. જયારે તમને આ વાતનું યકીન થઈ જશે. ત્યારે તમે છુપી રીતે વધારે સદકો આપશો.

સદકો દુનિયામાં બલા દૂર કરે છે અને આખેરતમાં જહન્નમની આગથી બચાવે છે.

**કુરબાનીનો હક :**

કુરબાની ફક્ત અલ્લાહતઆલા માટે જ કરો અને તેની ખુશી સિવાય બીજી કોઈ ઈચ્છા ન કરો.

**ઉસ્તાદનો શાગીર્દ ઊપર હક :**

– ઉસ્તાદની પાસે શિસ્તથી બેસો.

– ધ્યાનથી તેઓની વાત સાંભળો.

– તેની સામે ઊંચા અવાજે ન બોલો.

– તેઓને પૂછાયેલા પ્રશ્નનો જવાબ તમે વચ્ચેથી ન આપો.

– તેઓની સામે બીજાની વાતો ન કરો.

– તેઓની બૂરાઈ છુપાવો અને નેકી જાહેર કરો.

– કોઈ તેની બૂરાઈ કરે તો ઉસ્તાદનો બચાવ કરો.

– તેઓના દુશ્મનોથી દોસ્તી ન કરો.

– તેઓના દોસ્તોથી દુશ્મની ન કરો.

જો તમે આ બાબત ઉપર અમલ કરશો તો અલ્લાહતઆલાના ફરિશ્તાઓ ગવાહી આપશે કે તમે અલ્લાહતઆલા માટે ઈલ્મ હાંસિલ કર્યું છે.

**શાગીર્દનો ઊસ્તાદ ઊપર હક :**

અલ્લાહતઆલાએ આપેલ ઈલ્મનો હક એ છે કે યોગ્ય પાત્ર મળે તેને ઈલ્મ આપો તેની સાથે નરમાશથી વર્તો જેથી અલ્લાહતઆલા તમારા ઉપર ફઝલો કરમના દરવાજા ખોલી આપે. જો તમે યોગ્ય પાત્રને ઈલ્મ નહિ આપો તો તમારી પાસેથી તે (ઈલ્મ) છિનવી લેવામાં આવશે અને તમારી ઈજ્જત ઝિલ્લતમાં બદલાઈ જશે.

**જીવનસાથીનો હક :**

અલ્લાહતઆલાએ તેને તમારા માટે આરામ, શાંતિ અને પ્રેમનુ માધ્યમ બનાવેલ છે. આ તમારા માટે અલ્લાહતઆલાની નેઅમત છે. તમારા માટે જરૂરી છે કે તમે તેની સાથે સારો વર્તાવ કરો.

**વાલિદા (માં)નો હક :**

તમારી વાલિદાએ તમારો ભાર ઉપાડ્યો છે. તેના લોહીથી તમારી પરવરિશ કરી છે. તમારા માટે કુરબાનીઓ આપી છે. ગરમી અને ઠંડીથી બચાવ્યા છે. તમારા (આરામ) માટે પોતાની ઊંઘ ખરાબ કરી છે. તેનો આભાર માનો. તેની સાથે સારો વર્તાવ કરો જેથી તમને કામ્યાબી મળે.

**વાલિદ (બાપ)નો હક :**

તે તમારૂ મૂળ છે. જે કાંઈ નેઅમત તમને મળે છે તેનું મૂળ છે. તેની સાથે મહેરબાની કરો અને તેની નેઅમત ઉપર અલ્લાહતઆલાનો શુક્ર અદા કરો.

**ફરઝંદનો હક :**

તેનું ધ્યાન રાખો કે તમે તેનુ મૂળ છો. તેની ખુશનસીબી અને બદનસીબી તમારાથી સંકળાયેલ છે. તેની પરવરિશ તમારી જવાબદારી છે.

દીની બાબતે જાણકારી આપવી તમારી ફરજ છે. નેક કામોમાં તેની મદદ કરો જેથી તે સારી રીતે અલ્લાહતઆલાની ઈબાદત કરી શકે.

યાદ રાખો ! જો તમે તેની સારી પરવરિશ કરી તો સવાબ મળશે અને જો તેની

પરવરિશ ઉપર ધ્યાન ન આપ્યું અને તેણે બીજો રસ્તો અપનાવ્યો તો તેનો અઝાબ તમારી ઉપર છે.

**ભાઈનો હક :**

તમારો ભાઈ તમારો મદદગાર છે તમારી ઈજ્જત આબરૂ છે. હંમેશા તેની ભલાઈ ચાહો પણ તેની મોહબ્બતમાં ગુનાહના કામ અંજામ ન આપો.

**નેકી કરનારનો હક :**

નેકી કરનારનો હક એ છે કે તેનો શુક્રીયા અદા કરો. તેની નેકીને યાદ રાખો. ઈખ્લાસથી અલ્લાહતઆલા પાસે તેની માટે દુઆ કરો અને મોકો મળે તો તેની નેકીનો જવાબ નેકીથી આપો.

**ઈમામે જમાતનો હક :**

ઈમામે જમાત તમારી અને અલ્લાહતઆલાની વચ્ચે વસીલો છે. આ મહાન જવાબદારી તેણે સ્વીકારી છે તે અલ્લાહતઆલાના દરબારમાં તમારો પ્રતિનિધિ છે. તમારા માટે દુઆ કરે છે. જો નમાઝમાં કાંઈપણ ખામી હોય તો તેની જવાબદારી છે પરંતુ જો નમાઝ સંપૂર્ણ હોય તો તમે સવાબમાં ભાગીદાર છો. તમારા ઉપર કોઈપણ અગ્રતા વગર તમારી જાન અને નમાઝની પોતાની જાન અને નમાઝની જેમ હિફાઝત કરી છે માટે તમે તેના શુક્રગુઝાર રહો.

**સાથીનો હક :**

સાથીનો હક એ છે કે તેની સાથે નરમી અને ઈન્સાફથી વાત કરો. તેની રજા સિવાય

ક્યાંય જાઓ નહિ પણ તેને ક્યાંય જવા માટે તમારી રજાની જરૂર નથી. તેની ભૂલોને ભૂલી જાઓ અને નેકીઓને યાદ રાખો. હંમેશા તેની ભલાઈ ચાહો.

**પડોશીનો હક :**

પડોશીનો હક એ છે કે તેની ગેરહાજરીમાં તેના હકોનું ધ્યાન રાખો. તેની હાજરીમાં તેનું માનપાન જાળવો. તેની ખામીઓ ન શોધો. તેની ખામીઓ છુપાવો. જો નસીહતને લાયક હોય તો નસીહત કરો. પરેશાનીમાં તેનો સાથ ન છોડો. તેની ભૂલો માફ કરો. તેની સાથે સદ્વર્તન કરો.

**દોસ્તનો હક :**

ઈન્સાફ અને મહેરબાની સાથે વાતો કરો. જેવી રીતે તે તમારૂ માન જાળવે છે તેવી

રીતે તમે પણ તેનું માન જાળવો. એવું ન થાય કે તે માન જાળવવામાં તમારાથી આગળ વધી જાય. જેવી રીતે તે તમારી સાથે નરમીથી વર્તે. તમે પણ તેની સાથે નરમીથી વર્તો. જો તે ગુનાહ કરવા ઈચ્છે તો તમે તેને રોકો. તેના માટે (અલ્લાહતઆલાની) રહેમતનું કારણ બનો. સજાનું કારણ ન બનો.

**ભાગીદારનો હક :**

ભાગીદારનો હક એ છે કે તેની ગેરહાજરીમાં તેની જવાબદારીઓ અદા કરો. તેની હાજરીમાં તેના હકોનું ધ્યાન રાખો. તેની વિરૂધ્ધ કોઈ વાત ન કરો. તેની વિરૂધ્ધ કોઈ પગલું ન ભરો. તેના માલની હિફાઝત કરો. તેના હકમાં ખયાનત ન કરો. જો તમે ચાહો કે હંમેશા

અલ્લાહતઆલા (ની રહેમત) તમારી સાથે રહે તો એકબીજાના હકમાં ખયાનત ન કરો.

**માલનો હક :**

માલનો હક એ છે કે ફક્ત હલાલના માધ્યમથી જ મેળવો અને હલાલ કામોમાં જ ખર્ચ કરો. અયોગ્ય પાત્રને પોતાના ઉપર અગ્રતા ન આપો. અલ્લાહતઆલાની ખુશનુદીની રાહમાં ખર્ચ કરો. તેમાં કંજૂસાઈ ન કરો કારણકે કંજૂસાઈ કરશો તો કયામતને દિવસે શરમાવું પડશે.

**કર્ઝ લેનારનો હક :**

જો તમારી પાસે હોય તો કંજૂસાઈ ન કરો જો ન હોય તો નરમી અને સદ્વર્તન સાથે સારો જવાબ આપો.

**સાથે ઉઠનાર – બેઠનારનો હક :**

તેને ધોકો (ફરેબ) ન આપો. અલ્લાહતઆલાથી ડરતા રહો.

**દુશ્મનનો હક :**

જો તેની વાત સાચી હોય તો તમે પોતેજ તેના ગવાહ બની જાવ. તેનો હક અદા કરો તેના ઉપર ઝુલ્મ ન કરો, જો તેની વાત ખોટી હોય તો તેની સાથે સદ્વર્તન કરો. કોઈ એવું કામ ન કરો કે અલ્લાહતઆલા નારાઝ થઈ જાય.

**દુશ્મન ઉપર તમારો હક :**

જો તમારી વાત સાચી હોય તો તેને જોઈએ કે નેકીથી વર્તે, જો તમારી વાત બરોબર ન હોય તો પાછી ખેંચી લો અને અલ્લાહતઆલાના દરબારમાં તોબા કરો.

**સલાહ આપનારનો હક :**

જો પોતે જાણકાર હોય તો યોગ્ય સલાહ આપે નહિતર જાણકાર પાસે મોકલી દે.

**સલાહ લેનારનો હક :**

જો સલાહ તમારા મત પ્રમાણે ન હોય તો સલાહ આપનારને બદનામ ન કરો અને જો સલાહ તમારા મત પ્રમાણે હોય તો અલ્લાહતઆલાનો શુક્ર અદા કરો.

**નસીહત ચાહનારનો હક :**

સારી વાતની નસીહત કરો અને મહેરબાનીભર્યું વર્તન કરો.

**નસીહત આપનારનો હક :**

નસીહત આપનાર સાથે નરમાશભર્યું વર્તન કરો. ધ્યાનથી તેની વાત સાંભળો જો સારી હોય તો અલ્લાહતઆલાનો શુક્ર અદા કરો. જો

તેની વાત બરોબર ન હોય તો પણ નરમાશભર્યું વર્તન કરો. તેને બદનામ ન કરો.

**મોટાભાઈનો હક :**

તેનું માન જાળવો. કારણકે તેની ઉંમર તમારા કરતા વધારે છે. તે તમારા કરતા પહેલા ઈસ્લામ લાવ્યો છે માટે તેની ઈજ્જત કરો. તેનાથી ઝઘડો ન કરો. તેનાથી આગળ ન ચાલો.

**નાના ભાઈનો હક :**

કાંઈપણ આપતી વખતે મહેરબાનીભર્યું વર્તન કરો. તેના ઐબ છુપાવો અને સારા કામોમાં તેની મદદ કરો.

**માંગનારનો હક :**

જરૂરત પ્રમાણે આપો.

**જેની પાસે માંગવામાં આવે તેનો હક :**

જો તમને કાંઈ આપે તો શુક્ર અદા કરો અને જો ન આપે તો તેનું બહાનુ કબૂલ રાખો.

**ખુશ કરનારનો હક :**

જો તેણે તમને અલ્લાહતઆલા માટે ખુશ કર્યા છે તો પહેલા અલ્લાહતઆલાનો અને પછી તેનો શુક્ર અદા કરો.

**ખરાબ વર્તન કરનારનો હક :**

ખરાબ વર્તન કરનારને માફ કરો પણ જો તમે જાણતા હોય કે માફ કરવાથી તે વધારે પરેશાન કરશે તો યોગ્ય સજા આપો કારણકે અલ્લાહતઆલા ફરમાવે છે કે "મઝલૂમનો ઝાલિમથી બદલો લેવામાં કાંઈ વાંધો નથી."

**મોમીનભાઈનો હક :**

તેની સલામતી ચાહો, મહેરબાનીભર્યું વર્તન કરો, બૂરાઈ કરનાર સાથે નરમાશથી વર્તો. તેની સુધારણાની ફિક્રમાં રહો, નેકી કરનારની કદરદાની કરો, વડીલો સાથે બાપ

જેવું વર્તન, નવયુવાન સાથે ભાઈઓ જેવું વર્તન અને બાળકો સાથે ફરઝંદ જેવો વ્યવહાર રાખો.

*હાદીયાને બરહક*

★★★

# હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની દુઆની કિતાબ સહીફએ કામેલા

સહીફએ કામેલા આપની દુઆઓનો અમૂલ્ય સંગ્રહ છે. તેની અંદર બેશુમાર ફાયદાકારક ઊલૂમ સમાએલા છે. એ હિ.સ. ની પહેલી સદીની કિતાબ છે. એને આલિમોએ “ઝબૂરે આલે મોહમ્મદ (અ.મુ.સ.)” અને “ઈન્જીલે અહલેબૈત (અ.મુ.સ.)” કહી છે અને તેની સચ્ચાઈથી ભરેલી સચોટ અને સુંદર શૈલી, ફસાહત અને બલાગતને ધ્યાનમાં રાખી આ મહાન દરજ્જો આપવામાં આવ્યો છે. એની ચાલીસ તફસીર (શર્હ) લખાઈ છે.

★★★

# એક સુન્ની આલિમનો પત્ર

તફસીરૂલ જવાહરના લેખકને કુમથી જ્યારે હદિયારૂપે સહીફએ કામેલા મોકલવામાં આવી ત્યારે તેઓએ આ પ્રમાણે જવાબ લખ્યો.

આ બહુ માનવંત કિતાબ છે. આ કિતાબમાં અજોડ ઈસ્લામી ઇલ્મ છે. અત્યાર સુધી આ કિતાબ તરફ અમારૂ ધ્યાન નહોતું ખેંચાયું તે અમારી બદનસીબી હતી. અમે ગાફિલ હતા કે અહલેબૈત (અ.મુ.સ.) અમારી અક્કલના વિકાસ માટે કેવો કિંમતી ખજાનો મૂકી ગયા છે. જેમ હું આ કિતાબનું વાંચન કરૂં છું મારૂ યકીન વધતું જાય છે કે આ કલામ ઈન્સાનના કલામ કરતા ઊચ્ચ દરજ્જાના અને સર્જનહારના કલામ કરતા થોડી નીચલા દરજ્જાના છે.

**ખરેખર આ મહાન કિતાબ જે તમે મને મોકલાવી છે અલ્લાહતઆલા તમને તેનું બહેતરીન ઈનામ અતા કરે.**

★★★

# સહીફએ કામેલાની અમુક દુઆઓ

● **બદીઓથી, અનીતિથી અને સજાપાત્ર કાર્યોથી પનાહ માંગવા માટે તેમની દુઆ :**

અય અલ્લાહ ! હું તારી પનાહ માંગુ છું લાલચની ઉશ્કેરણીથી, ક્રોધમાં કાર્યને અંજામ આપવાથી, અધીરાઈથી, અસંતોષથી, સભ્યતા ત્યજી દેવાથી, લાગણીના આગ્રહથી, વધારે પડતા ઉત્સાહથી, અયોગ્ય ઈચ્છાઓનુ અનુસરણ કરવાથી, હકના વિરોધથી, બેદરકારી તથા આળસથી, મુસીબતોમાં મૂકાઇ જવાથી, હકના બદલે નાહક પસંદ કરવાથી, ગુનાહોને હંમેશા કરતા રહેવાથી, ભૂલોને નજીવી સમજવાથી, પોતાના કાર્યોને (ઈબાદતને) મહાન સમજવાથી, અમીરીના ઘમંડથી, ગરીબોને તરછોડી મૂકવાથી, કર્મચારીઓ ઉપર હુકમ ચલાવવાથી, મઝલૂમની

મદદ ન કરવાથી, અયોગ્ય ઈચ્છા કરવાથી અને મહત્વની બાબતમાં ઇલ્મ ન હોવા છતાં ડહાપણ કરવાથી.

અમે તારી પનાહ માંગીએ છીએ બીજાઓની નબળાઈઓ તરફ ધ્યાન આપવાથી, અમારા સારા કામો માટે અભિમાની થવાથી અને મુશ્કેલ ઈચ્છાઓ પૂરી કરવાની કોશિશ કરવાથી.

અય અલ્લાહ ! અમે તારી બારગાહમાં પનાહ (રક્ષણ) મેળવવા માટે હાજર થયા છીએ અમારી અંદરની ખરાબીથી, અમારા નાના ગુનાહોને નજીવા સમજવાથી, અમારા ઉપર શૈતાનની તાકાત ગાલિબ થઈ જવાથી, સંજોગ અનુસાર અમારા ઉપર આફત આવી પડવાથી અને સુલતાનના ઝુલમથી. અમે તારી બારગાહમાં પનાહ (રક્ષણ) મેળવવા માટે હાજર થયા છીએ

ખરાબ આદતો પડી જવાથી અને જીવનનિર્વાહની તંગીથી. અમે તારી બારગાહમાં સલામતી માંગીએ છીએ દુશ્મનોની મશ્કરીથી, અમારા જેવા પાસે માંગવાથી, દુ:ખી જિંદગીથી અને તૈયારી વગરના મૃત્યુથી. અમે તારી હિફાઝતની ઈચ્છા કરીએ છીએ અફસોસથી, મોટી આફતોથી, ભયંકર કમનસીબીથી, બિનસલામત આશ્રયથી, સવાબથી વંચિત રહેવા અને સજા પામવાથી.

અય અલ્લાહ ! હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ કર અને મારૂં તથા ઔરતો અને મર્દોમાંથી બધા મોમીનોનું, રહેમ ફરમાવીને રક્ષણ કર;

અય, સૌથી વધારે રહેમ કરનાર !

★★★

# સહીફએ કામેલાની દુઆઓના અમુક વાકયો

– માફીનો દરવાજો ખુલ્લો રાખ્યો, તેનું નામ તૌબા રાખ્યું.

– તૌબા થકી સલામતી અતા ફરમાવ.

– હું માફી માંગું છું.

મઝલૂમની મદદ ન કરવા માટે,
નેકીનો આભાર ન માનવા માટે,
જરૂરતમંદની જરૂરત પૂરી ન કરવા માટે.

– ગુનાહની ઈચ્છા દૂર કર. દરેક મોમીન–મોમેનાતને ઈજા પહોંચાડવાથી બચાવ. કોઇપણને મારાથી દુ:ખ પહોંચ્યું, ઈજા થઇ અથવા તેનો હક પાયમાલ થયો હોય તેને મારાથી રાજી કર. જો તું ઇન્સાફ કરીશ તો હું હલાક થઇ જઈશ. તારી સજા અને ક્રોધ સહન કરવાની મારામાં તાકત

નથી, મગફેરત સાથે મૃત્યુ આપજે, મારા દરેક મામલાઓમાં મદદ કર, મુસીબતની કડવાશ દૂર કર.

– તારો શુક્ર કરવાની તૌફીક આપ. સુખમાં પણ દુઆ કરનાર નેક બંદામાં ગણજે લાંબી આશાથી બચાવ અને મોતને નજર સામે રાખુ તુચ્છ દુનિયાની મોહબ્બત મારા દિલમાંથી નાબૂદ કર, મુનાજાત કરવાનો શોખ આપ. મારી ઉમ્મીદ ફક્ત તારાથી જ હોય. તારી ખુશનુદી પ્રમાણે કાર્ય કરવાની તૌફીક આપ. મારી હિદાયત કર્યા પછી મારા દિલને ફેરવી ન નાખજે. જયારે નિર્ણય લેવો મુશ્કેલ હોય ત્યારે તું માર્ગદર્શન કર. મારી જવાબદારી અદા કરવાની તૌફીક આપ.મને તંદુરસ્તી ઈમાન સલામતી અને શાંતિ અતા કર હજ અને ઉમરાહ બજાવી લાવવાની તૌફીક

આપ. પયગંબર (સ.અ.વ.) અને તેમના એહલેબૈત (અ.મુ.સ.)ની કબ્રની ઝિયારત જ્યાં સુધી હું જીવંત રહું દર વર્ષે નસીબ કર. મને તેઓની શફાઅતથી વંચિત ન કરજે. મારા દીનને સંપૂર્ણ બનાવ મારી ઈબાદત કબૂલ કર.

– નકામા ખર્ચોથી બચાવ. મને રોઝીથી વંચિત ન રાખજે. રોઝી કમાવી મારા માટે આસન કર અને પુષ્કળ રોઝી આપ. જેથી હું ઇબાદતથી ગાફિલ ન થાવ અને હરામ માલ કમાવાની સજાથી બચી શકું. હલાલ રીતે રોજી મેળવવાની તૌફીક આપ. મને ગરીબો પ્રત્યે મોહબ્બત અતા કર.

– મારી યાદ ભવિષ્યમાં આવનાર નસ્લ બાકી રાખ, સ્વમાનને બચાવ. જેવી રીતે આજે સલામત રાખ્યો છે બાકીના દિવસ માટે સલામત રાખજે.

– મારા વાલેદૈન સામે મારો અવાજ ધીમો રાખવાની તૌફીક આપ. તેઓને મારા પાલનપોષણનો બહેતરીન બદલો આપ. જેમ તેઓએ બાળપણમાં મારા ઉપર મહેરબાની કરી છે તું તેઓ ઉપર મહેરબાની કર. દરેક સમયે તેઓનો ઝિક્ર યાદ અપાવ.

– મારા ફરઝંદોને સુલેહ શાંતિથી રહેવાની તૌફીક આપ. તેઓની જિંદગીની મુદ્દત લાંબી કર. શારીરિક–રૂહાની તંદુરસ્તી અતા કર. સદ્ગુણી બનાવ. તેઓ થકી મને મજબૂત બનાવ. તેઓને મારી મોહબ્બત અને ફરમાબરદારીની તૌફીક આપ.

– અમને અમારા વાલેદૈનને, અમારી ઔલાદને, અમારા કુટુંબીજનોને, અમારા પાડોશીઓને અને

દરેક મોમીન ભાઈ–બહેનોને શૈતાનથી રક્ષણ આપ.

– જયારે મારી જિંદગી શૈતાનના અનુસરણમાં વીતવા લાગે ત્યારે તારા ગઝબનો ભોગ બનું તે પહેલા મને તારી બારગાહમાં બોલાવી લે.

– દરેક ઇન્સાન અને જિન્નાતની બૂરાઈથી બચાવ.

– સહીહ ઉચ્ચાર સાથે કુરઆને શરીફની ખૂબસૂરત તિલાવત આસાન કરી દે. કુરઆને શરીફની તિલાવતથી અમારા ચાલ–ચલણમાં સુધારો અતા કર, તિલાવતથી અમારા દિલોની ગંદગી સાફ કરી નાખ, તિલાવતથી અમારા ગુનાહોના દાગ ધોઈ નાખ, કુફ્ર અને નિફાકથી બચાવ, મોહતાજીને દૂર કર.

– મારા ઘડપણમાં મારા ઉપર રહેમ કર પાલનહાર સિવાય બંદા ઉપર કોણ રહેમ કરશે,

શક્તિશાળી સિવાય કમજોર બંદા ઉપર કોણ રહેમ કરશે, અતા કરનાર સિવાય માંગનાર ઉપર કોણ રહેમ કરશે.મને ઘડપણમાં વધારે રોજી આપ, થાક સમયે શક્તિ અને તૌફીક આપ કે તારી ઇબાદતમાં આળસ ન કરૂં. મૃત્યુ સમયે તારા દીન પર અડગ (સાબિત કદમ) રાખજે..

– દુનિયા છોડ્યા પછી કબ્રને અમારૂં બહેતરીન સ્થાન બનાવ, પૂલે સેરાત ઉપર અમારા ડગમગતા પગલાને સ્થિર રાખજે, અમારા ચહેરાને રોશન બનાવજે.

★★★

# હાજત પૂરી થવા માટેની દુઆ

તાઉસે યમાની કહે છે કે મેં એક રાતે ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ને હજરે અસ્વદની પાસે જ ખાલિકની બારગાહમાં વારંવાર સજદા કરતા જોયા, હું ત્યાં જ ઉભો રહી ગયો અને જોયું કે આપ (અ.સ.)એ એક સજદાને ઘણો લંબાવ્યો તેથી મેં કાન માંડીને સાંભળ્યું તો મને આપ (અ.સ.)ના આ શબ્દો સંભળાયા ***"અબ્દોક બેફેનાએક મિસ્કીનોક બેફેનાએક સાએલોક બેફેનાએક, ફકીરોક બેફેનાએક. – તારો હકીર બંદો તારી બારગાહમાં આવેલો છે, તારો મિસ્કીન બંદો તારી બારગાહમાં આવેલો છે, તારો સાઈલ (માંગનારો) બંદો તારી બારગાહમાં આવેલો છે, તારો ફકીર બંદો તારી બારગાહમાં આવેલો છે."***

અલ્લાહતઆલાની કસમ મેં જયારે આ કલામ થકી દુઆ માંગી ત્યારે તરત જ કબૂલ થઈ ગઈ.

★★★

# ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની જીવનમાં ઉતારવા જેવી હદીસો

**મુસલમાનની નિશાની :**

૧) બેશક મુસલમાનની સાચી ઓળખ અને દીનની સંપૂર્ણતા આ બાબતોમાં છે.

- નકામી વાતોથી બચવામાં
- ઓછો દેખાવ કરવામાં
- સહનશીલતા, સબ્ર અને સદ્‌ગુણોમાં છે.

**અક્કલનો કમાલ :**

૨) જેની અક્કલ સંપૂર્ણ (કામિલ) નથી તે આસાનીથી ખોટા માર્ગનો અને બરબાદીનો શિકાર થાય છે.

**આશ્ચર્યજનક :**

3) જે આખેરતને મૂકી દુનિયા માટે મહેનત કરે છે તેનાં માટે આશ્ચર્ય પામવા જેવું છે.

**ઈબાદત :**

૪) મોમીનનું પોતાના દીનીભાઈને મોહબ્બતની નજરથી જોવું ઈબાદત છે.

**જવાબની તૈયારી :**

૫) અય ઇન્સાન ! બેશક તું મૃત્યુ પામનાર છો તને ફરીથી જીવંત કરી અલ્લાહતઆલાની બારગાહમાં હિસાબ–કિતાબ માટે હાજર કરવામાં આવશે માટે જવાબની તૈયારી રાખ.

**બેહતરીન જેહાદ :**

૬) બેશક પેટ અને શર્મગાહની (હરામથી) હિફાઝત માટે કોશિશ કરવી બહેતરીન જેહાદ છે.

**ઈલ્મની ફઝીલત :**

૭) જો લોકોને ખબર પડી જાય કે ઈલ્મ (જ્ઞાન) હાંસિલ કરવામાં શું ફાયદો છે તો તે જરૂર ઈલ્મ હાંસિલ કરત ભલે પછી તેનાં માટે તેનું લોહી

વહેવડાવવામાં આવે અથવા તળાવમાં ડુબાડવામાં આવે.

**સંગાથની અસર :**

૮) નેક લોકો સાથે મેળ–મિલાપ સુધારણા તરફ લઈ જાય છે અને આલિમો (ધાર્મિક વિધ્વાનો)ના સંગાથથી અક્કલમાં વધારો થાય છે.

**નિખાલસ ઈબાદતનો સવાબ :**

૯) જે કોઈ અલ્લાહતઆલાની ખુશનુદી માટે શાદી કરશે, સિલેરહેમી કરશે કયામતના દિવસે અલ્લાહતઆલા તેને બાદશાહીનો તાજ પહેરાવશે.

**સંપૂર્ણ ભલાઈ :**

૧૦) ઈન્સાનની સંપૂર્ણ ભલાઈ પોતાની જાત ઉપર કાબૂ રાખવામાં છે.

૧૧) લોકો પાસે જે કંઈ છે તેની લાલચ છોડી દેવી સંપૂર્ણ ભલાઈ છે.

**ભલાઈ :**

૧૨) અય ઇન્સાન ! જ્યાં સુધી તારૂ દિલ તને નસીહત કરે, તારા બધા કામો હિસાબ–કિતાબ સાથે હોય, તારા બધા કામોમાં અલ્લાહતઆલાનો ડર હોય ત્યાં સુધી તારા માટે ભલાઈ છે.

**સરદારી :**

૧૩) સખાવતમંદો દુનિયામાં લોકોના સરદાર છે અને પરહેઝગારો આખેરતમાં લોકોના સરદાર છે.

**સમયની વહેચણી :**

૧૪) હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ઘરે પોતાનાં સમયની ત્રણ ભાગમાં વહેંચણી કરતા હતા.

– અલ્લાહતઆલાની ઈબાદત માટે

– ઘરવાળા માટે

– પોતાનાં આરામ માટે

**શરૂઆત અને અંત :**

૧૫) દરેક નેક કામની શરૂઆત સચ્ચાઈ છે અને અંત વફાદારી છે.

**સૌથી વધારે પસંદગીને પાત્ર :**

૧૬) અલ્લાહતઆલાની રાહમાં (કુરબાની / શહાદત માટે) વહેલ લોહીનું ટીપું અને રાત્રિના અંધકારમાં (અલ્લાહતઆલાના ડરથી) પડેલ આંસુનું ટીપું અલ્લાહતઆલાને સૌથી વધારે પસંદ છે.

**બહેતરીન :**

૧૭) અલ્લાહતઆલાએ વાજિબ કરેલ અમલ બજાવી લાવનાર બહેતરીન ઇન્સાન છે.

**અલ્લાહતઆલાનો હક :**

૧૮) અલ્લાહતઆલાનો હક સૌથી સર્વોપરી છે કોઈને તેનો ભાગીદાર ન ગણ, નિખાલસતાથી તેની ઈબાદત કર, અલ્લાહતઆલા તારા દુનિયા અને આખેરતના કામ આસાન કરી દેશે અને તારી પસંદીદા વસ્તુ તારા માટે બચાવી રાખશે.

**દુઆનો ફાયદો :**

૧૯) નાઝિલ થયેલી અને નાઝિલ ન થયેલી બધી બલાઓ દુઆથી દૂર થાય છે.

**અલ્લાહતઆલાની હાજરી :**

૨૦) (બૂરાઈ કરતા પહેલાં) અલ્લાહતઆલાની પકડથી ડરતો રહે અને અલ્લાહતઆલાને હાજર જાણીને હયા (શરમ) કર.

**અઝાબનુ કારણ :**

૨૧) જાણી જોઈને કોઈ ઊપર ઝુલ્મ કરવો, કોઈના હક્કો પાયમાલ કરવા અને લોકોની મજાક–મશ્કરી કરવાને કારણે અઝાબ નાઝિલ થાય છે.

**અદલ અને ફઝલ :**

૨૨) અય અલ્લાહ જો તું અમને માફ કર તો તારા ફઝલોકરમને કારણે છે અને જો સજા આપ તો તારા અદલો ઈન્સાફને કારણે છે.

**નજાત આપનાર :**

૨૩) ત્રણ કાર્યો મોમીનને નજાત અપાવનાર છે : (૧) લોકોની ગીબતથી જીભને રોકી રાખવી, (૨) દુનિયા અને આખેરતના ફાયદાકારક કાર્યોમાં મશગૂલ રહેવું, (૩) પોતાની ભૂલો ઊપર રડવું.

**અવયવની આપસમાં વાતો :**

**૨૪) બેશક ઈન્સાનની જીભ દરરોજ સવારે બીજા અવયવને પૂછે છે કેવી હાલતમાં છો ? બીજા અવયવો જવાબ આપે છે જ્યાં સુધી તું રહેવા દે અમે ભલાઈ સાથે છીએ કારણ કે અમારૂં ઈનામ અને અમારી સજા તારા બોલવા પર આધારિત છે.**

**ખજાનો :**

**૨૫) કુરઆને શરીફની આયત ઈલ્મનો ખજાનો છે જયારે પણ આ ખજાનો ખોલવામાં આવે ત્યારે (ધ્યાનથી) જોવું જોઈએ.**

**અગ્રતા :**

**૨૬) બુઝુર્ગોના હક છે કે તેઓ ઉમ્ર અને ઈસ્લામમાં પહેલ કરવાના કારણે તેઓનો એહતેરામ કરવામાં આવે.**

**અલ્લાહતઆલાની મહાનતા :**

૨૭) જો તમામ જમીન અને આસમાનવાળાઓ ભેગા થઈને અલ્લાહતઆલાની મહાનતા બયાન કરવા ચાહે તો પણ બયાન કરી શકતા નથી.

**ખરાબ સંગાથ :**

૨૮) ફાસિક (જાહેરમાં ગુનાહ કરનાર)ના સાથથી બચો કારણકે તે રોટીના ટુકડા અથવા તેનાથી પણ ઓછામાં તમોને વહેંચી નાખશે કત્એ રહેમી કરનાર (સંબંધો કાપનાર)ના સાથથી બચો કારણકે કુરઆને મજીદમાં તેના પર લાઅનત કરવામાં આવી છે.

**યોગ્ય માપદંડ (મિઝાન) :**

૨૯) ખામીવાળી અક્કલ, અયોગ્ય મત (નજરીયો), અયોગ્ય માપદંડથી દીન મેળવી ન શકાય. દીન ફક્ત સમર્પણ (તસલીમ)થી જ

મેળવી શકાય જે અમારા (અહલેબૈત અ.મુ.સ) માટે સમર્પિત થયો તે સલામત થઈ ગયો જેણે અમારા પાસેથી હિદાયત મેળવી તે હિદાયત મેળવી ચૂક્યો છે જેણે પોતાના મત અને પોતાના ખાસ માપદંડથી દીન જાણવાની કોશિશ કરી તે બરબાદ થઈ ગયો.

**તૌબા :**

૩૦) અય અલ્લાહ ! જો પસ્તાવો કરવો તૌબા હોય તો હું પહેલો પસ્તાવો કરનાર છું, જો ગુનાહોને મૂકી દેવું તૌબા હોય તો હું પહેલો ગુનાહથી પાછો ફરનાર છું જો ઈસ્તેગફાર ગુનાહને મિટાવનાર હોય તો હું ઈસ્તેગફાર કરનાર છું.

**યકીન :**

૩૧) અણગમતી તકદીરે ઈલાહી ઉપર રાઝી રહેવું એ મહાન દરજ્જાનું યકીન છે.

**સપનું :**

૩૨) દુનિયા ઊંઘ છે આખેરત એ ઊંઘમાંથી ઉઠવું છે અને અત્યારે આપણે બંનેની વચ્ચે સપનામાં છીએ.

**જન્નતી ચીઝો :**

૩૩) જે કોઈ મોમીનને ખાણું ખવરાવે તો અલ્લાહતઆલા તેને જન્નતના ફળ ખવડાવશે, જે કોઈ મોમીનને પીણું પીવડાવે તો અલ્લાહતઆલા તેને જન્નતનું પીણું પીવડાવશે, જે કોઈ મોમીનને લિબાસ પહેરાવશે તો અલ્લાહતઆલા તેને જન્નતી લિબાસ પહેરાવશે.

**સંપૂર્ણ (કામિલ) ઈસ્લામ :**

૩૪) જે કોઈમાં આ ચાર ખાસિયત હોય તેનો ઈસ્લામ સંપૂર્ણ છે તેના ગુનાહ માફ થયેલા હશે અને અલ્લાહતઆલાની મુલાકાત વખતે અલ્લાહતઆલા તેનાથી રાઝી હશે.

– લોકોની સેવા કરવી.

– જિંદગીના દરેક પાસામાં સચ્ચાઈનું ધ્યાન રાખવું.

– દરેક પ્રકારની બૂરાઈથી બચવું.

– ઘરવાળાઓ સાથે સદ્‌વર્તન કરવું.

**રક્ષણ માટેની દુઆ :**

૩૫) અય અલ્લાહ ! હું રક્ષણ માંગુ છું દુશ્મનોના મેણાટોણાથી, આર્થીક તંગીથી, ફકીરીથી, તૈયારી વગરના મૌતથી.

**નેઅમતો મેળવાની દુઆ :**

**૩૬) અય અલ્લાહ ! મારી ઉમ્રને લાંબી કર, મારા અમલને નેક બનાવ, તારી નેઅમતો મારા ઉપર તમામ કર, મારાથી રાજી રહે, મને હંમેશાની ખુશનુદી સાથે પાકીઝા જિંદગી ઈનાયત ફરમાવ, કરામતો ઈનાયત ફરમાવ, સગવડતાઓ તમામ કરી આપ.**

**વાલેદૈન માટેની દુઆ :**

**૩૭) અય અલ્લાહ ! મારા વાલેદૈન (માં–બાપ) સામે મારી આવાજ ધીમી કર, તેઓ માટે મારી અવાજ નરમ, પસંદીદા અને ખુશીનુ કારણ બનાવ મને તેઓનો સાથી અને તેઓ ઉપર મહેરબાન બનાવ.**

૩૮) અય અલ્લાહ ! તું મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) ઉપર રહેમત નાઝિલ ફરમાવ, મને તેમનો (વાલેદૈનનો) સાથી અને મદદગાર બનાવ, તારા પસંદીદા અને ખુશનુદીના કાર્યોનો શોખ ઈનાયત ફરમાવ, બેશક તું દરેક ચીઝ ઉપર કુદરત ધરાવે છો અને તારા માટે આ આસાન છે.

## મોમીનની નિશાની :

૩૯) મોમીન બુઝદિલ, લાલચી અને કંજૂસ નથી હોતો.

૪૦) મોમીન ક્યારેય મેણાટોણા નથી મારતો.

# ૪૦ હદીસોના સંદર્ભ

| કિતાબનું નામ | | હદીસ |
|---|---|---|
| • તોહફુલ ઊકૂલ | : | ૧,૫. |
| • બેહારૂલ અન્વાર | : | ૨,૩,૪,૮,૧૦,૧૫,૨૩,૨૮. |
| • મિશકાતુલ અન્વાર | : | ૬,૯,૧૨,૧૩,૩૪. |
| • કાફી | : | ૭,૧૧,૨૦,૨૭. |
| • મકારેમૂલ અખ્લાક | : | ૧૪. |
| • ખસાઈલે સદૂક | : | ૧૬. |
| • જેહાદુન્નફસ | : | ૧૭,૨૬. |
| • રિસાલએ હુકૂક | : | ૧૮. |
| • મીઝાનુલ હિકમત | : | ૧૯. |
| • મઆનીઊલ અખબાર | : | ૨૧. |
| • સહીફ–એ–કામેલા | : | ૨૨,૩૦,૩૫,૩૬,૩૭,૩૮. |

- વસાઈલ : ૨૪,૩૯,૪૦.
- મુસ્તદરક : ૨૫,૨૯,૩૧,૩૩.
- તમ્બીહુલ ખવાતીર : ૩૨.